• You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| જન્મદિને પ્રણામ હો પ્રકાશના પંથના એ મહાપુરુષને | તંત્રી | ૩ |
| સુખી થવાનો અદ્‌ભુત મહામંત્ર | શ્રી યોગેશ્વરજી | ૬ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૧૦ |
| શ્રદ્ધાજલિ-ભાઈ શ્રી વિઠ્ઠલ પંડ્યાને | નારાયણ હ. જાની | ૧૪ |
| ગુરુપૂર્ણિમાની ઉજવણી | સત્સંગી | ૧૮ |
| આદિવાસી વિસ્તારમાં પ્રસાદ વિતરણ | રાજુ જાની | ૨૦ |
| આ જીવનના પુણ્ય પ્રવાસે | યોગેશ્વરજી | ૨૨ |
| A human being is a part of the whole universe | Einstein | ૨૩ |
| આત્મસાક્ષાત્કાર—પ્રશ્નોત્તરી | રમણ મહર્ષિ | ૨૪ |
| શ્રી રામકૃષ્ણદેવની સાધના | નારાયણ હ. જાની | ૩૦ |
| સાચું દાન | શશિન્ | ૩૪ |
| પ્રેરક પ્રસંગો | મધુરમ્ | ૩૭ |
| એક સાધ્વીની હિમાલય યાત્રા | ભાણદેવજી | ૪૩ |
| ઉપાસના અંગે માર્ગદર્શન | સ્વામી સચ્ચિદાનંદ | ૫૩ |
| ગાંધી ગંગા | મહેન્દ્ર મેઘાણી | ૬૦ |

## જન્મદિને પ્રણામ હો

# પ્રકાશના પંથના એ મહાપુરુષને

– તંત્રી

તા. ૧૫ ઓગસ્ટ એટલે ભારતનો સ્વાતંત્ર્ય દિન.–કિન્તુ શ્રી યોગેશ્વર પરિવારના સાધકો માટે એમના ગુરુદેવ મહાત્મા યોગેશ્વરજીનો એ પ્રાકટ્યદિન પણ ખરો. આજથી ૮૭ વર્ષ પૂર્વે એ મહાપુરુષે સરોડા જેવા નાના ગામમાં સામાન્ય બ્રાહ્મણ પરિવારમાં જન્મ ધારણ કરવાનું પસંદ કર્યું. તેના પરિણામે પ્રકાશના પંથેનો આખો માર્ગ કંડેરાયો ને એક આધ્યાત્મિક ઇતિહાસ સર્જાયો.

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીએ એથી તો "પ્રકાશના પંથે" ગ્રંથની નવી આવૃત્તિના પ્રકાશન પ્રસંગે પૂ. શ્રીને જે અંજલિ ધરી છે તે તેઓના શબ્દોમાં જ જોઇએ.

સરોડાના એક નાનકડા બાળકે પ્રવાસ શરૂ કર્યો. એ બાળ મટી બ્રહ્મચારી કહેવાયો. એનો પ્રવાસ પુણ્યપ્રવાસ કહેવાયો. એ પુણ્યપ્રવાસી મહાયાત્રી પૂર્ણ યોગી તરીકે પૂજાપાત્ર બન્યો. તેની જ મંગલકથા એ જ પ્રકાશના પંથે.

સામાન્ય સાધકમાંથી સિદ્ધયોગીમાં રૂપાંતર પામનારની એ મંગલ કથામાં પ્રભુપ્રાપ્તિ માટેની પ્રાર્થનાઓ અને લાંબા ઉપવાસોની વ્યથાકથા વાંચવા જેવી છે. હરિને પામવાનો સોદો સસ્તો નથી. પ્રાર્થના સાધના છે. વળી કોઇ પણ માનવદેહધારીને ગુરુપદે સ્થાપ્યા સિવાય આવડો મોટો આધ્યાત્મિક ઇતિહાસ જીવી શકાય છે, તે સત્ય દર્શન આ મહાપુરુષે કરાવ્યું છે.



પ્રકાશના પંથેના એ યોગી, તપસ્વી, જ્ઞાની આત્મદર્શી મહાપુરુષ શ્રી યોગેશ્વરજીનો સુખસ્પર્શ અમે પણ ૧૯૭૧ થી પામ્યાં. એ સંસ્પર્શ જાણે અમારા અધ્યાત્મ જગતનો સૂર્યોદય સાબિત થયો. કાળક્રમે અમે એ સમર્થ સંતની સુખદ સંનિધિ પામ્યાં. એઓશ્રીની સાથે વિદેશયાત્રાઓ પણ થઇ. એમનાં માતુશ્રી જ્યોતિર્મયી માતાજીની સેવાની સુવર્ણ તક પણ મળી. પરિણામે એ આત્મદર્શી પરમાત્માસ્વરૂપના જીવનને છેક નજીકથી જોવાનું, જાણવાનું, માણવાનું, પામવાનું, અરે, એમની આત્મપ્રભાને કંઇક અંશે ઝીલવાનું પરમ સૌભાગ્ય પણ અમને મળ્યું. એમની શીતળ છાંયડીમાં સાધનાની પગદંડી પર પગલાં માંડ્યાં. એમના આત્મતેજે સાધનાના અનેકવિધ સોપાનો સર કરવાની શક્તિ સાંપડી. સરોજમાંથી 'સર્વેશ્વરીનું' સર્જન એ એના પરિશ્રમનો પ્રસાદ છે.

પૂ. માની જેમ સ્વામી બ્રહ્મસ્વરૂપાનંદજીએ પણ પૂ. યોગેશ્વરજીની આત્મકથાના આમુખમાં યોગ્ય રીતે જણાવ્યું છે કે "મેં મારા જીવન દરમ્યાન કેટલાય સંતો, તપસ્વીઓ, યોગીઓ, જોયા છે, પરંતુ યોગેશ્વરજી જેવા સાચા સંપૂર્ણ સર્વાંગીણ વિકાસવાળા મહાપુરુષને નથી જોયા. યોગેશ્વરજી સૌમાં જુદા તરી આવે છે. તેમનું જીવન ભારતીય સાધના, તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતિના અલૌકિક અનુવાદરૂપ છે."

બીજી શ્રી યોગેશ્વરજીની વિશેષતા એ રહી કે એમની સાધના કેવળ એમના માટે જ નહોતી થઇ, દેશ અને દુનિયાને માટે, બીજાને સુખશાન્તિ પહોંચાડવા તથા મદદરૂપ થવાને માટે પણ એમણે સ્વપ્નાં સેવેલાં અને બનતા પ્રયત્નો કરેલા, હિમાલયમાં રહીને પણ દેશની સ્વતંત્રતાને માટે એમણે પ્રાર્થનાઓ કરેલી.

વળી એમના ઉપદેશોમાં ખોટા ત્યાગ ને વૈરાગ્યને નામે પ્રભુપ્રાપ્તિ માટે ઘર ત્યજવાની વાત ક્યાંય આવતી નહિ, તેઓએ બાહ્ય ત્યાગ કરતાં અંદરના ત્યાગને વધુ મહત્ત્વ આપેલું હોઇ, ભગવાં વસ્ત્રો ધારણ ના કર્યાં. એથી જ તો પોતાની જનેતાને સાથે રાખી સેવા કરી શક્યા. તેમ જ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનો સ્વીકાર કરી, એમને ત્યાગીના કપડાં પહેરાવ્યાવિના સાથે રાખી, તેઓના આંતરિક ખમીરને પારખી મા સર્વેશ્વરીરૂપે સમાજને ભેટ ધરી શક્યા. આવા સાચા સાક્ષાત્કારી છતાં આડંબર રહિત, વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ ધરાવતા—જ્ઞાન, યોગ અને કર્મના ત્રણે માર્ગોના સમન્વયકારી સંત—જગતના આધ્યાત્મિક ઇતિહાસમાં જવલ્લેજ પેદા થયા છે. અમારું એ સૌભાગ્ય રહ્યું કે આવા એક વિરલ મહામાનવનો અમે પ્રત્યક્ષ પરિચય પામ્યા. અરે, એમના સ્નેહના ભાજન બન્યા—તે માટે હે પ્રભુ આપનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે.

એથી એમનો જન્મદિન—અમારા જીવનનું મહામોઘું પર્વ. અમારું શેષ જીવન હે પ્રભુ, એ મહાત્માના તેમ જ પૂ. માના યુગકાર્યમાં પૂર્ણપણે સમર્પિત થાઓ—ફરી ફરી એ મા—પ્રભુના ચરણોમાં વંદન, વંદન ને વંદન. પ્રણામ, પ્રણામ, પ્રણામ.



# સુખી થવાનો અદ્દ્ભુત મહામંત્ર

યોગેશ્વરજી

ઉપનિષદ્માં કહેવામાં આવ્યું છે કે **यद्वै भूमा तत्सुखं नाल्पे सुखमस्ति ।** એટલે કે જે વિશાળ છે, વિરાટ છે, અથવા મહાન છે, તે જ સુખ સ્વરૂપ છે, સુખના મૂળ આધાર કે ભંડારરૂપ છે, જે અલ્પ છે તેમાં સાચું ને સંપૂર્ણ સુખ નથી સમાયેલું. વાત ઘણી મહત્ત્વની છે. કેમ કે સાચા ને સંપૂર્ણ સૂખની અથવા તો સુખની ઇચ્છા સંસારમાં લગભગ સૌને છે, અને એ ઇચ્છાથી જ પ્રેરાઇને સૌ કોઇ પ્રવૃત્તિ કરે છે.

ત્યારે જો વિશાળ, વિરાટ, અથવા મહાન જ સુખ સ્વરૂપ છે, તો પછી એ વિશાળ, વિરાટ અથવા તો મહાન છે કોણ? ઉપનિષદ્ પોતે જ એ પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં કહે છે કે એ પરમાત્મા છે. પરમાત્મા કરતાં વધારે વિશાળ, વિરાટ કે મહાન બીજું કોઇ જ નથી. એનો અર્થ એ થયો કે પરમાત્મા જ સુખસ્વરૂપ છે, સાચું ને સંપૂર્ણ સુખ એમની અંદર જ રહેલું છે, અને એ વાત પણ આપોઆપ જ ફલિત થઇ ગઇ કે સાચા ને સંપૂર્ણ સુખની ઉપલબ્ધિ કે અનુભૂતિ કરવા માગનારે પરમાત્માનો પ્રત્યક્ષ પરિચય કરવો તથા પરમાત્મા સાથે સંબંધ બાંધવો જોઇએ. શાશ્વત અને સંપૂર્ણ સુખની જે અદમ્ય આકાંક્ષા મનુષ્યના મનમાં મંથન જગાવી રહી છે તે આકાંક્ષા ત્યાં સુધી પૂરી નહિ થાય અને સંપૂર્ણપણે, સદાને સારુ, સંતોષાશે પણ નહિ. પરમાત્મા સાથે સંબંધ બાંધવાનો એક અર્થ પણ છે કે પરમાત્માના નીતિનિયમો પ્રમાણે ચાલવું, ધર્મ કે ઈશ્વર પરાયણ જીવન જીવવું, અને પરમાત્માનો

પ્રત્યક્ષ પરિચય કરવાનો અર્થ એ છે કે મનને નિર્મળ તથા સાધના પરાયણ બનાવીને પરમાત્માને પોતાની અંદર અને બહાર ઓળખતાં શીખવું કે પરમાત્માનો સાક્ષાત્કાર કરવો. એ સિવાય સંસારના જુદા જુદા વિષયોપભોગના પરિણામરૂપે જે સુખ સાંપડશે તે ગમે તેટલું આકર્ષક, આનંદદાયક, અને આંજી નાંખનારું હોવા છતાં સ્થાયી નહિ હોય. એ ક્ષણભંગુર ઠરશે અથવા તો વિનાશી નીવડશે. ઉપનિષદે એવા ક્ષણિક સુખની વાત નથી કરી, પરંતુ સનાતન સુખની વાત કહી બતાવી છે.

એ ઉપનિષદ્ વચનનો એક બીજો અર્થ પણ લઇ શકાય છે. એ અર્થ પ્રમાણે ભૂમા એટલે વિશાળ થવામાં સુખ છે, અને અલ્પતામાં દુઃખ રહેલું છે. જે સંકુચિત છે તે આ સંસાર-માં કદી પણ સાચા સુખ અને સાચી શાંતિના ભાગી નથી થઇ શકતા. એમને ક્લેશ, અશાંતિ અને દુઃખનો જ સામનો કરવો પડે છે. એથી ઉલટું, જે ઉદાર, વિશાળ તથા નિઃસ્વાર્થ બને છે, અને વિરાટ વિશ્વની સાથે પોતાની અંતરંગ એકતાનો અનુભવ કરે છે, તે શાંતિ મેળવે છે, સુખી થાય છે, અને બીજાને પણ સુખી કરે છે. એટલે ટૂંકા ભાવો ટૂંકા ખ્યાલો ને ટૂંકા વિચારોનો ત્યાગ કરીને વિશાળતામાં પ્રવેશવાની જરૂર છે. ઉત્તમ ભાવો, ખ્યાલો કે વિચારોને જગાવવાની જરૂર છે. મહત્ત્વાકાંક્ષાની મૂર્તિ બનવાની જરૂર છે.

અલ્પતામાં રમનારા, ટૂંકા દિલના માણસને સાચું સુખ નથી મળી શકતું એનો એક ત્રીજો ઉપયોગી અર્થ પણ લઇ શકાય છે. જે માણસ પોતાને પોતાના શરીર પૂરતો તથા ઘર પૂરતો જ સીમિત માને છે, અને એને માટે જ પ્રવૃત્તિ કરે છે,



એ અલ્પતામાં જીવે છે એમ કહી શકાય. એનું જીવનક્ષેત્ર કે કાર્યક્ષેત્ર અલ્પ છે. એ પોતાને માટે જ જીવે છે. એવા જીવનથી સમાજને બહુ વિશેષ લાભ ના થાય. માણસે એવું અલ્પ કે સ્વલ્પ જીવન જીવીને જ સંતોષ માનીને બેસી રહેવાને બદલે, પોતાના જીવનક્ષેત્ર કે કાર્યક્ષેત્રના વિસ્તારને વધારવો જોઇએ. એટલે કે ઘરનાં ક્ષેત્રેને વિશાળ કરીને કુટુંબ, ગામ, શહેર, સમાજ, દેશ અને એની સીમાની પણ બહાર પહોંચવાનો પ્રયાસ કરવો જોઇએ. એનો સીધો અર્થ એ થયો કે જીવનને વધારે ને વધારે સેવા પરાયણ બનાવવું જોઇએ. કુદરત આખીયે કેવળ પોતાને માટે નહિ, પરંતુ બીજાને માટે જીવી રહી છે. તેવી રીતે માણસે પણ જ્યાં હોય ત્યાં રહીને બીજાને ઉપયોગી થવાની કોશિશ કરવી જોઇએ. પોતાના જીવનને અને જીવનની સકળ સામગ્રીને વધારેમાં વધારે માણસો તથા જીવોના સુખ તેમ જ હિતને ખાતર કામે લગાડવા સદાયે તત્પર રહેવું જોઇએ. એનું નામ ભૂમા બનવું. તમે તમારે જ માટે જીવો ને તમારા જ સુખનો વિચાર કરો તે પૂરતું નથી. સુખ બીજાને સુખી કરવામાં રહેલું છે એ વાતને યાદ રાખીને બીજાને ખપ લાગવા ને બીજાની જીવનવાડીને મઘમઘતી કરવા મહેનત કરો તો અંતરનું અસાધારણ સુખ આપોઆપ આવી મળશે. બીજાને માટે જીવતા થશો તેટલા જ સુખી થશો ને તમારે માટે જીવતા થશો તેટલા જ દુઃખી.

આનો ભાવાર્થ કે સાર સ્પષ્ટ છે. જીવનના જે ક્ષેત્રમાં હો તે ક્ષેત્રમાં રહીને બને તેટલા વિશાળ બનો. જો તમને ધનવાન થવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હોય તો એ સૌભાગ્યનો સદુપયોગ કરો. ધનને બીજાની સેવાસહાયતાના કામમાં લગાડો. જો તમે

વિદ્વાન હો તો એ વિદ્યાથી તૃપ્ત થઇને બેસી રહેવાને બદલે, વધારે ને વધારે વિદ્યા પ્રાપ્ત કરો ને બીજાનો જીવનપંથ અજવાળો. બળથી નિર્બળની રક્ષા કરો. શિક્ષક હો તો બીજાના જીવનઘડતરમાં મદદરૂપ બનો. લેખક હો તો લેખનશક્તિદ્વારા બીજાને ઉપયોગી થાવ. વેપારી હો તો કેવળ નફાનો જ વિચાર કરીને બેસી ના રહો. લોકહિતને પણ નજર સામે રાખો. સત્તાધીશ હો તો સત્તાનો સદુપયોગ કરી બીજાને સહાયક બની રહો. એવી રીતે વિશળ બનો તો જરૂર સુખી થશો ને સુખી કરશો. સુખ આપોઆપ અને અચૂકપણે આવી મળશે.

ઉપનિષદ્‌ના ઋષિઓએ આપણે માટે સુખનો એ અદ્‌ભુત મહાન મંત્ર પૂરો પાડ્યો છે. એનો લાભ લઇએ તો જીવન અને જગત બધું જ ફરી જાય, અથવા કહો કે ઉજ્જ્વળ થાય.

હું તીર્થમાં, કૈલાસમાં કે વૈકુંઠમાં કદી વસતી નથી. પણ મારા જ્ઞાનીઓના હૃદયકમળમાં વસુ છું. મારા જ્ઞાનીનું એકવારનું પણ પૂજન મારી કરોડો પૂજાનું ફળ આપે છે; તેનું કૂળ પવિત્ર છે. અને તેની માતા કૃતાર્થ થાય છે. જેના ચિત્તનો લય પરમાત્મામાં થયો હોય છે તેવા મનુષ્યને લીધે પૃથ્વી પુણ્યશાળી છે.

**(શ્રી જગદંબા : હિમાલય પ્રત્યે)**



**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

**વર્ષ : ૩૦ ઓગસ્ટ : ૨૦૦૮ અંક ૧૧**

# શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**શનિવાર પોષ વદ સાતમ ૨૦૩૮**

**તા. ૧૬—૧—૮૨ સ્થળ : નોર્થ બરગન, અમેરિકા.**

ગઇકાલે સાંજે એક બેનને મંત્ર પૂ. શ્રીએ આપ્યો. આજે સવારે પૂ. શ્રીએ સ્નાન બાદ વ્યાયામ કરી લેખનકાર્ય કરી આરામ કરતાં જપ કર્યા.

આજકાલ પૂ. શ્રી મુલાકાત સમયે પણ માળા લઇને જ બેસે છે.

આજે એક ભાઇ હનુમાનજી માટે કેવી પ્રાર્થના કરવી એ અંગે પૂછે છે, તો પૂ. શ્રી તેના જવાબમાં પોતાની લખેલી હનુમાનજીની સ્તુતિ ગાય છે. વળી વિષ્ણુસહસ્ર, શિવમહિમ્ન, ગીતાના પાઠની પણ વાતો થાય છે.

આજે ફીલાડેલફીયાથી એક ભાઈ પૂ. શ્રીને મળવા આવે છે.

સર્વેશ્વરી આજે શ્રી સુરેશભાઇ પરીખને એરપોર્ટ ઉપર લેવા જાય છે.

તેમની સાથે વાતો કરતાં તેમણે કહ્યું :–

અમારું પ્લેન આજે ઉપડવા માટે રન વે ઉપર તો આવ્યું, પણ પાયલોટે જાહેર કર્યું કે પવન સખત છે ને બરફ પડે છે તેથી જો પવન હળવો થશે તો જ વિમાન ઉપડશે, તેથી રન વે ઉપર અડધો કલાક ઉભું રહ્યું.

મારી સાથે ૬ ભાઈઓ બીજા પણ આવનાર હતા, પણ હવામાન ખૂબ ખરાબ હોવાથી તેઓ ન આવ્યા. મને થયું કે "સાક્ષાત્ પ્રભુ (શ્રી યોગેશ્વરજી)ને મળવા જવાનું, તો હવામાનની શી ચિંતા? હવામાનમાંથી બધી રીતે રક્ષા તેઓ કરશે જ ને! મેં તો નક્કી કર્યું કે હું તો જઇશ જ."

ને હું સવારે ઘરેથી નીકળ્યો તો બસ ચૂકી ગયો. તરત જ મેં પ્રભુનું નામ લેવા માંડ્યું. પાંચ મિનિટમાં જ બીજી બસ મળી ગઈ!

એરપોર્ટ ઉપર આવ્યો પ્લેનમાં બેઠો ત્યાં આવી જાહેરાત થઈ, પણ મને શ્રદ્ધા હતી કે કાલે રાતે પ્રભુએ ફોન પર કહેલું "આવો આરામથી આવો" એટલે પ્લેન ઉપડશે જ.

એક કલાક પ્લેન મોડું પડ્યું ને આખરે પ્રભુના ધામમાં આવી ચઢ્યો.

જેના ભાગ્યમાં દર્શન હોય તે જ આવી શકે. ગઈ રાત્રે ૯II વાગ્યા સુધી બધાનું નક્કી હતું. છેવટે વાતાવરણની બીકથી બધાએ આવવાનું બંધ રાખ્યું. પ્રભુની કૃપાથી મારાથી આવી શકાયું.



એરપોર્ટ ઉપર લેવા જનાર ભાઈઓ પણ સાથે હતા. શ્રી સુરેશભાઈએ એરપોર્ટ ઉપર જ સર્વેશ્વરીને નીચા નમીને અહોભાવે પ્રણામ કર્યા.

સર્વેશ્વરી સાથે લેવા આવનાર ભાઈઓએ વાતમાં જણાવ્યું કે આપનું પ્લેન ઉપડ્યા પછી તમારું એરપોર્ટ બરફ ને પવનના તોફાનને લીધે બંધ થયું છે. તમે જે પ્લેનમાં આવ્યા તે છેલ્લી ફ્લાઈટ હતી. પછીની બધી જ ફ્લાઈટો કેન્સલ થઈ છે. એમ અહીં ટી. વી. ઉપર આ એરપોર્ટ ઉપર જાહેર થયું છે.

શ્રી સુરેશભાઈએ કહ્યું, પ્રભુને મળવા આવવાનું એટલે પ્લેન ઉપડ્યું જ. એ જ બધી સગવડ પણ કરી આપે ને!

શ્રી સુરેશભાઈ પરીખની શ્રદ્ધા ધન્યવાદને પાત્ર હતી. અડધા કલાક બાદ ઉતારા ઉપર આવી ગયા.

પૂ. શ્રીએ ૫.૧૫ મિનિટે તેમને પોતાના ઓરડામાં બોલાવ્યા. સાષ્ટાંગ પ્રણામ કરી બાળક પોતાની મા પાસે ખૂબ ભાવવિભોર બનીને બેસી જાય, તેમ પૂ. શ્રીના પલંગ પાસે તેઓ બેઠા. પૂ. શ્રી સાથે થોડી વાતો થઈ.

આવતીકાલે તેઓ કેનેડા જવાના છે એ અંગે તેમણે કહ્યું, પ્રભુ, મેં કાલે સાંજે પ્લેનનું બુકીંગ કરાવ્યું છે, પણ આપ ભગવાન જે આજ્ઞા કરશો તે પ્રમાણે કરીશું.

પૂ. શ્રીએ કહ્યું, પરમદિવસે સવારે જજો. કાલે દોડાદોડ કરીને જવાની જરૂર નથી, તે વાત તેમણે શિરોમાન્ય રાખી.

આજે ગારફીલ્ડમાં હિન્દુ મંદિરમાં પૂ. શ્રીનું પ્રવચન હતું. પ્રવચન બાદ ઉતારા ઉપર આવી ગયા ત્યારે જાણવા મળ્યું કે સુરેશભાઈએ સાત દિવસથી ભોજન લીધું જ નથી. પૂ. શ્રીને

તેઓ પ્રભુ માને છે. એ પ્રભુની પૂર્ણ કૃપા જલ્દી ઉતરે તે માટે તેમણે ભોજન સાત દિવસથી લીધું નથી. પૂ. શ્રીએ ખાસ બોલાવીને ભોજન લેવા સમજાવ્યા.

પૂ. શ્રી માટે આજે બટાકાપૌઆ બનાવ્યા હતા, તેમાંથી પૂ. શ્રી પોતે નાસ્તો લે તે પહેલાં તેમને આપવામાં આવ્યો.

શ્રી સુરેશભાઇની શ્રદ્ધાભક્તિ અનન્ય છે. પૂ. શ્રીને પ્રણામ કરી તેઓ પોતે ઉપર જઇ યજમાન પરિવાર સાથે ભોજન લે છે.

પૂ. શ્રી પણ હળવો નાસ્તો કરી લે છે. પછી લેખનકાર્ય કરવા બેસે છે. લગભગ ૧૧ વાગ્યા સુધી એટલે કે ૧૦ થી ૧૧ એક કલાક સુધી લેખનકાર્ય કરી આરામ કરે છે.

રાત્રે પણ પૂ. શ્રી આરામને ઓછો કરી લેખનકાર્ય કરી રહ્યા છે. સતત કર્મયોગ જીવનમાં જોવા મળે છે. કર્મયોગી એ તો પૂ. શ્રીનું એક વિરલ પાસું છે. હરિઃ ૐ

(ક્રમશઃ)

અમારી બુદ્ધિ પણ નિષ્કામ થઇ ભગવાનમાં પ્રવેશો, અમને કોઇનો પણ સંગ ન થાઓ કદાચ સંગ થાઓ તો ઘર, સ્ત્રી, પુત્ર, ધન તથા બંધુઓનો તો કદી ન થાઓ, પણ ભગવાનના પ્રિય ભક્તોનો જ થાઓ; કારણકે પ્રાણની માત્ર આજીવિકાથી સંતુષ્ટ રહેતો જ્ઞાનીપુરુષ જેવો જલદી સિદ્ધ થાય છે, તેવો ઇન્દ્રિયો પર પ્રીતિવાળો સિદ્ધ થતો નથી.

**(ભક્ત પ્રહલાદ : ભગવાન નૃસિંહ પ્રત્યે)**



# શ્રદ્ધાંજલિ—ભાઇ શ્રી વિઠ્ઠલ પંડ્યાને

**નારાયણ હ. જાની**

પ. પૂ. શ્રી યોગેશ્વરજીના વિદ્યાર્થીકાળના સહાધ્યાયી ને પછીથી બનેલ એમના સ્નેહાળ ભક્ત, ને જાણીતા નવલ કથાકાર શ્રી વિઠ્ઠલભાઇ પંડ્યાનો સ્વર્ગવાસ મુંબઇ ખાતે તા. ૩–૭–૦૮ ને રથયાત્રાના દિને થયો, જે અમારે માટે ખરે જ દુઃખદ ઘટના છે.

એ સાચું છે કે તેઓ આધ્યાત્મિક તેમ જ સાધનાત્મક ક્ષેત્રે ખાસ સક્રિય ન હતા, છતાં તેઓ તેમ જ તેમનાં પત્ની શ્રી જસુમતી પૂ. શ્રી યોગેશ્વરજી તથા મા શ્રી સર્વેશ્વરીમાં ખૂબ શ્રદ્ધાભક્તિ ધરાવતી વ્યક્તિઓમાંનાં એક હતાં. પૂ. મા સર્વેશ્વરી પણ તેમના પ્રત્યે પૂ. શ્રીના સખા તરીકે ખૂબ આદરભાવ રાખતાં.

શ્રી વિઠ્ઠલભાઇનું નામ પૂ. શ્રી યોગેશ્વરજી સાથે નીચેની મહત્ત્વની ઘટનાઓના કારણે હંમેશાં જોડાયેલું રહેશે.

પૂ. શ્રી યોગેશ્વરજીને સને ૧૯૫૦ માં જ્યારે ખાસ કોઇ ઓળખતું ન હતું, ત્યારે સાબરકાંઠા જિલ્લાના પોતાના પછાત ગામ કાબોદ્રામાં ખૂબ પરિશ્રમ કરી જે પ્રાથમિક શાળાનું નવું મકાન તેઓએ બનાવરાવેલું. તેના પ્રથમ વાર્ષિક ઉત્સવનું અધ્યક્ષપદ શોભાવવા પ. પૂ. શ્રી યોગેશ્વરજીને સરોડાથી ખાસ તેડી ગયેલા. આ પ્રસંગ નાનો હતો. છતાં ગામલોકોએ ખૂબ ભાવપૂર્વક સામૈયા સાથે પૂ. શ્રીનું સ્વાગત કરી બહુમાન કરેલું. આવું બહુમાન પૂ. શ્રીના જીવનમાં પહેલું હતું.

પોતાની આત્મકથા 'પ્રકાશના પંથે'માં પૂ. શ્રીએ શ્રી વિઠ્ઠલભાઇ વિષે જે શબ્દો લખ્યા છે તે જ તેમને મોટી અંજલિરૂપ છે.

"એક દિવસ મુંબઇથી વિઠ્ઠલભાઇ સરોડા આવ્યા. વિઠ્ઠલભાઇ હાઇસ્કૂલના દિવસોમાં સાથે ભણતા. આધ્યાત્મિક વિષય પર અને ખાસ કરી મારા પર પ્રેમ હોવાથી તે સરોડા આવ્યા હતા. તેમનાં વૃદ્ધ માતાપિતા તેમના દેશમાં કાબોદ્રા ગામમાં હતાં. શ્રી વિઠ્ઠલભાઇનો પ્રેમ અપાર હતો. તેમનું હૃદય સ્વચ્છ હતું. કાબોદ્રામાં તેમણે અમારી ખૂબ સેવા કરી. તેમનાં માતાપિતા તદ્દન શુદ્ધ હૃદયનાં, ભોળાં ને દયાળુ હતાં. તેમના સંતાનમાં તેમનો સંસ્કારવારસો ના ઉતરે તેમ કેમ બને? વિઠ્ઠલભાઇ પણ તેવા જ પ્રેમી ને પરગજુ હતા."

જાન્યુઆરી ૧૯૫૦ ના દિવસો કાબોદ્રા ગામની ધરતી પર પ્રિય વિઠ્ઠલભાઇ ને તેમનાં સ્વજનોની સાથે પસાર થયા. એ દિવસો સુંદર હતા, આનંદપ્રદ હતા.

પૂ. શ્રી યોગેશ્વરજી જેવા એક સાચા સંતપુરુષે શ્રી વિઠ્ઠલભાઇ માટે આપેલું આ પ્રમાણપત્ર—સંસારીઓનાં અનેક પ્રમાણપત્ર કરતાં ખરે જ ખૂબ વિશેષતા ધરાવે છે.

**પૂ. શ્રીએ તેઓ પર લખેલ ૧૬ જેટલા પત્રોમાં (હિમાલયના પત્રોમાં) પૂ. શ્રીનો પ્રેમ સરસ રીતે વ્યક્ત થયો છે.**

શ્રી વિઠ્ઠલભાઇ જીવનનાં પ્રારંભના વર્ષોમાં સીનેમા લાઇનમાં—શ્રી રામચંદ્ર ઠાકુર—સીને ડાયરેક્ટરના આસીસ્ટન તરીકે કામગીરી સંભાળતા. આજના જેવી સીને વ્યવસાયની તે વખતે સમાજમાં પ્રતિષ્ઠા ન હતી. તે હલકો વ્યવસાય ગણાતો. તેમાં કામ કરતા માણસો માટે ચારિત્ર્યપતનનાં



પ્રલોભનો ખૂબ રહેતાં. તે વખતે અપરીણિત હોવા છતાં—તેઓ પોતાની એક ચારિત્ર્યશીલ વ્યક્તિ તરીકેની પ્રતિભા સાચવી શક્યા—તેના પાયામાં તેમના માતા—પિતાના સંસ્કાર પૂ. શ્રી યોગેશ્વરજી સાથેની મૈત્રી અને પૂ. શ્રીએ તેમને આડકતરી રીતે કરેલ સહાય મુખ્ય ગણી શકાય. આનો ઉલ્લેખ તેઓ વારંવાર કરતા. પૂ. માની પેલી પંક્તિ—'વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો.'—શ્રી વિઠ્ઠલભાઇના જીવનમાં સાકાર થતી લાગી.

સને ૧૯૬૦ પછી પ. પૂ. શ્રી યોગેશ્વરજી દરવર્ષે મુંબઇ પધારતા. તે વખતે તેઓનો નિવાસ તો પ્રેમકુટિર ચર્ચગેટ રહેતો. પરંતુ તેઓનાં વ્યાખ્યાનો સવારે ભારતીય વિદ્યાભવન, ચોપાટી ખાતે થતાં. પરંતુ સાંજનાં પ્રવચન બ્લેવેસ્કી લોજ, ખાતે થતાં, તેનું આયોજન જે પાંચ—છ ભાઇઓ—શ્રી જે. વી. શાહ, શ્રી હરગોવિંદભાઇ ભટ્ટ, શ્રી હરિશ્ચંદ્ર જાની, શ્રી મગનભાઇ ડ્રેસવાલા વગેરે કરતા, તેમાં શ્રી વિઠ્ઠલભાઇનો ફાળો મહત્ત્વનો રહેતો.

શ્રી વિઠ્ઠલભાઇએ ગુજરાતી ભાષામાં પચાસ કરતાં વધુ નવલકથાઓ લખી છે. તેમાં પૂ. મહાત્માજીના જીવનની સાધના અને પ્રસંગોને ગૂંથી લઇને 'લાંછન' નામે નવલકથા પણ લખી છે.

શ્રી વિઠ્ઠલભાઇ તેમની પાછળ તેમના પત્ની શ્રી જસુમતી તેમ જ ત્રણ પુત્રોનો પરિવાર મૂકી ગયા છે. અમારી અને એમની મૈત્રી જીવનનાં ૭૫ વર્ષથી વધુ ગાળાની હોવા છતાં તેમાં પૂ. મહાત્માજીના જોડાણને લીધે—આધ્યત્મના તત્ત્વનો ઉમેરો થયો, નહિ તો તે કેવળ સાંસારિક સંબંધ જ બની રહેત.

છેલ્લા એકાદ વર્ષથી એમનું સ્વાસ્થ્ય સારું ન રહેતું. પરંતુ આટલા જલ્દી તેઓ આપણી વચ્ચેથી વિદાય થશે તે કલ્પના ન હતી.

પૂ. શ્રી સાથેના આત્મીય સંબંધને પરિણામે, તેના આત્માને શાન્તિ જ હોય. એમાં શંકા કરવા જેવું નથી.

તા. ૧૮ માર્ચ, ૧૯૮૪ ના રોજ પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીનું ભૌતિક શરીર કાંદીવલી લક્ષ્મીનારાયણ મંદિરમાં—પ્રવચન કરતાં કરતાં શાન્ત થયું—ત્યારે શ્રી વિઠ્ઠલભાઇ પણ ત્યાં હાજર હતા.


કોઈના જીવનની ધન્યતા માપવા માટે તેને કેટલી સંપત્તિ, ઐશ્વર્ય, રાજપાટ કે સત્તા વગેરે મળ્યાં છે તેના આધારે નહિ, પણ તેને કેટલાં પ્રેમ અને શાન્તિ મળ્યાં છે એના ઉપરથી માપ કાઢી શકાય. —યોગેશ્વરજી

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧




# ગુરુપૂર્ણિમાની ઉજવણી

**સત્સંગી**

આ વર્ષે ગુરુપૂર્ણિમાની ઉજવણી મહાત્મા શ્રી યોગેશ્વરજી તેમ જ મા શ્રી સર્વેશ્વરીના અનુયાયી સાધકોએ—સ્વર્ગારોહણ અંબાજી ખાતે, પૂ. મા સર્વેશ્વરી રચિત ગુરુલીલામૃતનો પાઠ બે દિવસમાં પૂરો કરીને ઉજવી. આ ઉપરાંત સાધકોએ વ્યક્તિગત સાધનાના નિયમો પણ લીધા અને પૂર્ણ કર્યા.

તા. ૧૮ અને ૧૯ જુલાઇ ૨૦૦૮ ના બે દિવસોનો માહોલ સ્વર્ગારોહણ ખાતે—સાધનામય રહ્યો. આશ્રમના શાંત અને પવિત્ર વાતાવરણમાં સાધકોની મૌનપૂર્ણ સાધનાએ વિશેષ ઉમેરો કર્યો.

ગુરુપૂર્ણિમાના દિવસે ફળાહાર તથા રહેઠાણની સુવિધા કોઇ પણ રકમ લીધા વિના કરવામાં આવી, જ્યારે બાકીના બે દિવસનો ભોજન, પ્રસાદ વગેરેનો પ્રબંધ શ્રી પ્રભુભાઇ હળવદીયા અને શ્રી શાંતિભાઇ કનેરીયા તરફથી કરવામાં આવ્યો.

આ કાર્યક્રમમાં ભાગ લેવા મુંબઇ, સુરત, કપૂરા, વડોદરા, ઝણોર, અમદાવાદ, મોરબી, રાજકોટ, ભાવનગર વગેરે શહેરોથી સાધકો આવ્યા હતા.

આ પર્વનિમિત્તે પધારેલ સાધકોને સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી ગુરુપૂર્ણિમાની ઉજવણી દરેક ધ્યાનકેન્દ્રમાં પણ થતી હોય છે. જે સાધકો અંબાજી નહિ જઇ શકે તેઓ પોતાની રીતે પોતાનાં શહેરોમાં તેની ઉજવણી કરે છે.

તે રીતે વડોદરાના મહાત્મા શ્રી યોગેશ્વર સત્સંગ મંડળે,– સમૂહમાં સાધકોને નિમંત્રી, આખા દિવસની શિબિર રાખી– ગુરુપૂર્ણિમાની ઉજવણી કરી. શિબિરના કાર્યક્રમમાં ધ્યાન, પ્રણામ, સંકીર્તન, સદ્‌ગુરુમહિમા વાર્તાલાપ તેમ જ પ. પૂ. મા સર્વેશ્વરી અને પૂ. ગુરુદેવશ્રી યોગેશ્વરજીની વિડિયો દર્શન–પ્રવચનનો સમાવેશ કર્યો. મિષ્ટાન્ન ભોજન વગેરેનો પ્રબંધ પણ સત્સંગ મંડળ તરફથી કરી સહુને તૃપ્ત કરવામાં આવ્યા.

આમ ગુરુપૂર્ણિમાનો આખો દિવસ સાધકોએ સત્સંગની એકધારી સાત્વિક પ્રવૃત્તિથી પ્રસન્નતા અનુભવી.


સંપત્તિ અને વૈભવ ભોગવી શકાય તો તો કદાચ સુખદાયી થઇ જાય, પણ જો માત્ર તેને સાચવી જ રાખવાના હોય તો ચિંતાજનક ત્રાસદાયી અને તનાવપૂર્ણ પણ થઇ શકે.

**–સ્વામી સચ્ચિદાનંદ**

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪




# આદિવાસી વિસ્તારમાં પ્રસાદ વિતરણ

**રાજુ જાની**

પ. પૂ. માએ પૂ. ગુરુદેવ પ્રભુની પ્રેરણાથી અંબાજીના સ્વર્ગારોહણમાં 'ૐ મા અન્નક્ષેત્ર' અહીં આવતા સાધકો માટે શરૂ કર્યું છે; જેમાં એકદમ રાહતભાવે સાધકોને દૂધ, નાસ્તો, ભોજન વગેરે આપવામાં આવે છે.

પૂ. મા સર્વેશ્વરીનો એ ભાવ પણ ખરો કે કેટલાક અભાવગ્રસ્ત આદિવાસી પરિવારો અહીં યોજાતા વિવિધ સત્કર્મોના કાર્યક્રમોમાં આમંત્રણ પામી, પ્રસાદ પામે છે, પરંતુ દૂરના ગામડાંઓમાં વસતા બધા જ ગ્રામજનો થોડા જ અહીં આવી ગુરુદેવ પ્રભુનો પ્રસાદ પામી શકે? એટલે પૂ. માએ એવું સૂચન કર્યું કે આપણે પ્રસાદ તૈયાર કરી આવાં ગામોએ જવું–અને ત્યાં પ્રસાદ વિતરણ કરી તેમને જમાડવા, સંતોષવા. તેઓ પણ આત્મભાવે પ્રભુનાં જ સ્વરૂપો છે ને!

એ કાર્યક્રમના ભાગરૂપે આ વર્ષે અંબાજીથી લગભગ ૪૦ કિ.મિ. દૂર, ડુંગરોના અંદરના ભાગમાં આવેલ પછાત આદિવાસી ગામો જેવાં કે બેડા, બારવાસ, રાણીકા, જેલાણા અને બોરડીયાના ૧૫૦૦ થી વધારે ગ્રામવાસી ભાઈબહેનો અને બાળકોને બુંદી અને ગાંઠિયાનો પ્રસાદ વહેંચવામાં આવ્યો. બેડાની પ્રારાથમિક શાળાના પટાંગણમાં આ કાર્યક્રમ યોજાયો.

આ પ્રસાદની વ્યવસ્થા 'ૐ મા અન્નક્ષેત્ર'ના સંચાલક શ્રી સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી કરવામાં આવી. તા. ૨૦

જુલાઈના રોજ ટ્રેક્ટરમાં આ પ્રસાદ અને ચોખ્ખા પાણીનાં પાઉચો ભરીને ગુરુપૂર્ણિમા નિમિત્તે અંબાજી પધારેલ ૬૦ જેટલા સાધક ભાઈબેનોએ વાહનોમાં જઈ પ્રસાદ વહેંચણીના સેવાયજ્ઞમાં ભાગ લીધો.

જેઓ ગરીબાઈને કારણે ભાગ્યે જ આવો પ્રસાદ પામતા હોય તેમની તૃપ્તિ ને પ્રસન્નતા તો જાતે જુઓ તો ખબર પડે. તેમાંય વૃદ્ધો અને બાળકોની ખુશી તો મોઢા ઉપર તરી જ આવે. એ દૃષ્ટિએ જોતાં પૂ. માની આ પ્રસાદ વિતરણની ભાવના કેવી ઉમદા લાગે તે સમજવા માટે પણ પ્રત્યક્ષ દર્શન જરૂરી છે.

વૈરાગ્ય અને ભક્તિ વિનાનાં માણસો માટે ખાલીપાપણું પચાવવું કઠિન થઈ જતું હોય છે કદાચ એ જ કારણસર સમૃદ્ધ સ્વીડનમાં આત્મ-હત્યાનું પ્રમાણ ઘણું વધારે છે. **–યોગદર્શન**

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
**મોરબી**–૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.



# આ જીવનના પુણ્યપ્રવાસે

આ જીવનના પુણ્યપ્રવાસે એકલ આવી એકલ જાવું.

અંતરની વીણા પર નિશદિન ગીત સનાતન એકલ ગાવું.
આશા કેવળ એક જ મારી ધ્યેયતણું વિસ્મરણ ન થાયે,
પૂર્ણ કરું યાત્રાને ત્યારે પાછળ પગલાં પુનિત પડાયે.
આ જીવન...

સંબંધ ભલે થાય અનોખા આસક્તિ પણ ક્યાંય ન જાગે,
રોમરોમમાં મંગલવીણા તમારી જ રસઝરતી વાગે,
મમતા હો અન્યત્ર ન ક્યાંયે પ્રિય ન તમારા સમ કો લાગે.
આ જીવન...

સાથ સનાતન રહે સાંપડી શ્રેયસ્કર સુખદાયક ન્યારો,
તમારી જ હો હૂંફ અનોખી વરદહસ્ત હો શિરે તમારો;
પ્રવાસ એકલ હો કરવાનો તો પણ લાગે નહીં અકારો.
આ જીવન...

**–યોગેશ્વરજી**

# A human being is a part of the whole universe

**Einstein**

A humen being is a part of a whole, called by us the 'Universe', a part limited in time and space. He experinces himself, his thoughts and feelings as something separated from the rest–a kind of optical delusion of his consciousness, This delusion is a kind of affection for a few persons nearest us. Our task must be to free ourselves from this prison by widening of our circle of compassion to embrace all living creatures and the whole of nature in its beauty.

## માનવ એ સમગ્ર વિશ્વનો એક અંશ છે.

**નારાયણ હ. જાની**

સ્થળ અને કાળની મર્યાદાઓથી બંધાયેલ જે આખું વિશ્વ છે, તેનો જ મનુષ્ય એક અંશ છે. એ એવો અનુભવ કરે છે કે જાણે પોતે આ સમગ્ર વિશ્વથી અલગ છે, પરંતુ આમ થવાનું કારણ તે પોતે, તેના પોતાના વિચારો ને લાગણીઓને લીધે પોતાની આત્મિક ચેતના અંગે સેવેલો દૃષ્ટિભ્રમ છે. આ દૃષ્ટિભ્રમ પણ એ ભૂલમાંથી પેદા થયેલ છે કે પોતાની નજીકના છે તેમને જ તે પોતાનાં માને છે. આથી આપણું સૌથી મહત્ત્વનું કર્તવ્ય એ છે કે આપણે જેમને—ફક્ત આપણા પોતાના માની લેવાની જે ખામી ભરેલી દૃષ્ટિ સેવેલી તેની કેદમાંથી મુક્ત થઇ જઇએ અને આપણા પ્રેમ અને કરુણાના વર્તુલને એવું વિસ્તારીએ કે આ આખી સૃષ્ટિના સર્વ જીવો અને સૌંદર્ય ભરેલી સમગ્ર કુદરત તેના પરિઘમાં સમાય જાય. અને આપણે તેને ભેટી પડીએ. ✡



# આત્મસાક્ષાત્કાર—પ્રશ્નોત્તરી

**રમણમહર્ષિ**

**ભક્ત :** હું આત્મસાક્ષાત્કાર કેવી રીતે કરી શકું?

**મહર્ષિ :** આત્મસાક્ષાત્કાર કોઇ નવેસરથી મેળવવાની વસ્તુ નથી; એ તો પહેલેથી જ વિદ્યમાન છે. માત્ર એટલું જ કરવું જરૂરી છે કે, 'મેં, હજી સાક્ષાત્કાર કર્યો નથી' એ વિચારને કાઢી નાંખવો.

નિશ્ચલતા અથવા શાંતિ એટલે જ સાક્ષાત્કાર. આત્મા વિદ્યમાન ન હોય એવી એક પણ પળ નથી. જ્યાં સુધી શંકા હોય અગર સાક્ષાત્કાર ન કર્યાની લાગણી હોય ત્યાં સુધી એવા વિચારો કાઢી નાખવા માટે પ્રયત્ન કરવો જોઇએ. એ વિચારો આત્માને અનાત્મા તરીકે ઓળખવાને કારણે ઊભા થાય છે. જ્યારે અનાત્મા અદૃશ્ય થાય છે, ત્યારે કેવળ આત્મા જ રહે છે. જગ્યા કરવા માટે ભીડ જ દૂર કરવી એટલું જ બસ છે; એ જગ્યા કંઇ બહારથી લાવવાની જ નથી.

**ભક્ત :** વાસનાક્ષય થયા વિના સાક્ષાત્કાર શક્ય નથી; તો વાસનાઓનો અસરકારક ક્ષય થાય એવી દશા હું કેવી રીતે મેળવી શકું?

**મહર્ષિ :** તમે અત્યારે જ એ દશામાં છો!

**ભક્ત :** એનો અર્થ મારે એમ સમજવો કે કેવળ આત્માને વળગી રહીને વાસનાઓ જ્યારે અને જેમ જાગી ઊઠે ત્યારે અને તેમ તેઓનો નાશ કરવો જોઇએ?

**મહર્ષિ :** તમે જેવા છો તેવા રહેશો તો વાસનાઓ

આપોઆપ નાબૂદ થશે.

**ભક્ત :** હું આત્માને કેવી રીતે પામી શકું?

**મહર્ષિ :** આત્માને પામવા જેવું કંઇ છે જ નહિ. જો આત્માને પામવાનું હોય તો એનો અર્થ એવો થાય છે કે આત્મા અત્યારે અને અહીં નથી પરંતુ તે હજી મેળવવાનો છે. જે નવેસરથી મેળવવાનું હોય તે ખોવાઇ પણ જશે. એટલે તે અનિત્ય હશે. જે નિત્ય નથી તે મેળવવા માટે પ્રયાસ કરવો એ યથાર્થ નથી, એટલે જ હું કહું છું કે આત્માને પામવાનું નથી, તમે જ આત્મા છો. તમે પ્રથમથી જ તે છો.

હકીકત એવી છે કે તમે તમારી આનંદમય દશાથી અજાણ છો. અજ્ઞાન આવરણ ઊભું કરીને પરમાનંદરૂપી શુદ્ધ આત્મા-ની ઉપર પડદો નાખે છે એ અજ્ઞાનરૂપી પડદો, જે વસ્તુતઃ મિથ્યાજ્ઞાન છે. તેનો નાશ કરવાના પ્રયાસ કરવા જોઇએ. શરીર, મન આદિને ખોટી રીતે આત્મા ગણવામાં જ ભૂલ થાય છે. આ ખોટો ખ્યાલ દૂર થવો જોઇએ. એમ થયા પછી કેવળ આત્મા જ વિલસી રહે છે.

માટે સાક્ષાત્કાર પ્રત્યેકને માટે છે, સાક્ષાત્કાર મુમુક્ષુઓની વચ્ચે ભેદભાવ ઉત્પન્ન કરતો નથી. તમે આત્મપ્રાપ્તિ કરી શકો કે નહિ એવી શંકા તથા 'હજી મેં આત્મપ્રાપ્તિ કરી નથી' એવી ભાવના જ વિઘ્નરૂપ છે. આ વિઘ્નોમાંથી પણ મુક્ત થઇ જાઓ.

**ભક્ત :** સમાધિનો શો ઉપયોગ છે અને તેમાં વિચાર-શક્તિ રહે છે ખરી?

**મહર્ષિ :** સમાધિ એકલી જ સત્યનું દર્શન કરાવી શકે છે. વિચારો સત્યની ઉપર પડદો નાખે છે અને તેથી સત્યનું દર્શન



સમાધિ સિવાયની દશાઓમાં થઇ શકતું નથી.

સમાધિમાં 'હું છું'ની જ ભાવના હોય છે અને બીજા વિચારો જ નથી હોતા. 'હું છું'નો અનુભવ એટલે નિશ્ચલ રહેવું.

**ભક્ત :** અહીં મને સમાધિ અથવા નિશ્ચલતાનો જે અનુ-ભવ મળે છે, તે હું ફરી વાર કેવી રીતે મેળવી શકું?

**મહર્ષિ :** અત્યારે તમે જે વાતાવરણમાં છો તેની અસરને કારણે તમને હાલનો અનુભવ થાય છે. એ વાતાવરણની બહાર તમે તે મેળવી શકો ખરા? આ અનુભવ ક્ષણમાં આવે છે અને ક્ષણમાં જાય છે. તે કાયમનો બને નહિ ત્યાં સુધી અભ્યાસ આવશ્યક છે.

**ભક્ત :** જેનું અધિષ્ઠાન જીવભાવથી પર છે અને જેની અંદર સર્વ કંઇ સમાઇ જતું જણાય છે, તેવા ચૈતન્યના સ્પષ્ટ ચમકારા કેટલીક વખત મનુષ્ય અનુભવે છે. જ્ઞાનના સિદ્ધાંતોને બાજુએ રાખીને આ દુર્લભ ચમકારા મેળવવા, જાળવી રાખવા અને વધારવા માટે શા પ્રયાસો કરવાની ભગવાન મને સલાહ આપે છે? આવા અનુભવમાં અભ્યાસ-ની અંદર એકાંતવાસનો સમાવેશ થાય છે ખરો?

**મહર્ષિ :** બહાર? અંદર અને બહાર અને કોને માટે છે? જ્યાં સુધી કર્તા અને કર્મ હોય ત્યાં સુધી જ એ બધું ટકી શકે છે. વળી એ ઉભય પણ કોને માટે છે? નિરીક્ષણ કરતાં તમને માલૂમ પડશે કે એ બધું માત્ર કર્તામાં જ સમાઇ જાય. કર્તા કોણ છે એ ખોળી કાઢે; અને આ વિચારણા તમને કર્તાથી પર એવા શુદ્ધ ચૈતન્ય સુધી દોરી જશે.

જીવાત્મા એટલે મન. આ મન પરિમિત છે; પરંતુ શુદ્ધ

ચૈતન્ય સીમાઓથી પર છે અને ઉપર વર્ણવ્યા મુજબ તે અન્વેષણથી પમાય છે.

મેળવવું : આત્મા નિરંતર છે, તમારે તો માત્ર આત્માના દર્શનને અટકાવનારો પડદો હટાવવાનો છે.

જાળવી રાખવું એકવાર તમને આત્મજ્ઞાન મળે કે પછી તે તમારો સીધો અને પ્રત્યક્ષ અનુભવ થઈ જશે, પછી તેને જાળવવાનું રહેતું નથી, કારણ કે તે કદી ખોવાશે નહિ.

વધારવું : આત્માને વધારવાપણું જ નથી, કારણ કે તે તો સદૈવ સંકોચ અથવા વિસ્તારરહિત જ છે.

એકાંતવાસ : આત્માની અનુભૂતિ એટલે જ એકાંત, કારણ કે આત્મા માટે કશું જ પારકું નથી. એકાંત માટે, એક સ્થળેથી બીજે સ્થળે અથવા એક દશામાંથી બીજી દશામાં જવું જોઈએ. પણ તે એક યા બીજું આત્માથી ભિન્ન છે જ નહિ. સર્વ કાંઈ આત્મા હોઈ, એકાંત અશક્ય અને અકલ્પ્ય છે.

અભ્યાસ એટલે જ સ્વાભાવિક શાંતિમાં થતી અડચણોનું નિવારણ. તમે અભ્યાસ કરો કે નહિ, છતાંયે તમે સદા તમારી સહજ દશામાં જ હો છો. તમે જેવા છો તેવા રહી પ્રશ્નરહિત કે શંકારહિત થવું એ જ તમારી સ્વાભાવિક દશા છે.

**ભક્ત :** સમાધિ મેળવ્યા પછી મનુષ્યને સિદ્ધિઓ પણ નથી મળતી શું?

**મહર્ષિ :** સિદ્ધિઓનો પ્રભાવ બતાવવા માટે તેને માનનારા બીજા મનુષ્યોની જરૂર પડે છે. એનો અર્થ એ છે કે જે માણસ સિદ્ધિઓ કરી બતાવે છે, તેનામાં જ્ઞાન નથી માટે સિદ્ધિઓ વિષે વિચાર પણ ન કરવો ઘટે. કેવળ જ્ઞાનને જ ધ્યેય બનાવી



તે મેળવવું જોઈએ.

**ભક્ત :** મને આત્મપ્રાપ્તિ થાય તો બીજાને તે સહાયરૂપ થાય ખરી?

**મહર્ષિ :** હા, અને એ જ બીજાઓને આપી શકો તેવી સર્વોત્તમ સહાય છે. જેઓએ મહાન સત્યો શોધી કાઢ્યાં છે, તેઓને આત્માની પ્રશાંત ગહનતાઓમાં જ તે સાંપડ્યાં છે. પરંતુ વસ્તુતઃ સહાયની જરૂર હોય એવા બીજાઓ છે જ નહિ. જેવી રીતે સોની, સોનાનાં જુદાં જુદાં ઘરેણાંની કિંમત આંકતી વખતે માત્ર સોનું જ કસી જુએ છે તેવી રીતે સિદ્ધ પુરુષ માત્ર આત્માને જ જુએ છે. જ્યારે તમે પોતાને શરીર માનો છો ત્યારે નામ અને રૂપ ઊભાં થાય છે. પરંતુ જ્યારે તમે દેહભાવથી પર થાઓ છો, ત્યારે 'બીજાઓ' પણ અદૃશ્ય થાય છે. જ્ઞાની જગતને પોતાથી ભિન્ન જોતો નથી.

**ભક્ત :** સંતો બીજાઓ જોડે હળતામળતા રહે એ વધારે સારું ન ગણાય?

**મહર્ષિ :** જેની જોડે હળવામળવાનું હોય એવા (બીજાઓ) છે જ નહિ. કેવળ આત્મા જ સત્ય છે.

**ભક્ત :** દુઃખી જગતને સહાય કરવાની મારે કોશિશ ન કરવી જોઈએ?

**મહર્ષિ :** જે શક્તિએ તમને સર્જ્યા છે, તેણે જ જગત સર્જ્યું છે, જો એ તમારી સંભાળ રાખી શકે, તો તે જગતની પણ એ જ પ્રમાણએ સંભાળ રાખી શકે છે....જગત ઈશ્વરે રચ્યું હોય તો જગતની કાળજી રાખવી એ તમારું નહિ પણ એનું કામ છે.

**ભક્ત :** દેશભક્ત થવું એ આપણું કર્તવ્ય નથી શું?

**મહર્ષિ :** તમારું કર્તવ્ય આ કે તે થવાનું નથી પણ તમારા મૂળ સ્વરૂપ પ્રમાણે થવાનું છે. 'હું છું માટે જ હું છું' એ જ અખિલ સત્યનો સાર છે. એ માર્ગનું તાત્પર્ય 'નિશ્ચલ રહો' એ સૂત્રમાં આવી જાય છે.

અને નિશ્ચલતાનો અર્થ શું? તેનો અર્થ એ કે તમારી જાતનો નાશ કરો; કારણ કે દરેક નામ અને રૂપ આપત્તિનું કારણ છે. 'હું—હું' આત્મા છે. 'આ હું છું' એ અહંભાવ છે. જ્યારે હું નું પ્રતિપાદન કેવળ હું રૂપે થાય છે, ત્યારે તે આત્મા છે. જ્યારે તે સ્વરૂપને તજીને આમતેમ દોડાદોડ કરે છે અને કહે છે કે હું આ છું, તે છું; હું આવો છું, તેવો છું, ત્યારે તે અહંકાર છે.

**ભક્ત :** ત્યારે ઈશ્વર કોણ છે?

**મહર્ષિ :** આત્મા એ જ ઈશ્વર છે. 'હું છું' એ ઈશ્વર છે. જો ઈશ્વર આત્માથી ભિન્ન હોય, તો તે આત્મારહિત ઈશ્વર હોવો જોઈએ, જે કઢંગી વાત છે.

આત્માની પ્રાપ્તિ માટે જે કંઇ કરવાનું છે તે એ કે 'નિશ્ચલ થવું' એનાથી વધારે સહેલું શું હોઈ શકે? આ કારણસર આત્મવિદ્યાની પ્રાપ્તિ અતિ સુલભ કહી છે.

દુષ્ટ ચિત્તવાળો મનુષ્ય તીર્થમાં કરોડવાર સ્નાન કરે તો પણ શુદ્ધ થતો નથી; માટે કલ્યાણ ઇચ્છતા મનુષ્યે પ્રથમ મનની શુદ્ધિ કરવી; કેમકે મન શુદ્ધ હોય તો જ દ્રવ્યની શુદ્ધિ થાય છે, નહિ તો થતી નથી. તે જ પ્રમાણે આચારશુદ્ધિ પણ હોવી જોઈએ, કેમકે તેથી તીર્થ સફળ થાય છે; નહિ તો કરેલું બધું તત્કાળ વ્યર્થ થાય છે.

**(ભૃગુપુત્ર ચ્યવન : પ્રહલાદ પ્રત્યે)**



# શ્રી રામકૃષ્ણદેવની સાધના

મુક્ત અનુવાદ : **નારાયણ હ. જાની**

શ્રી મથુરબાબુને રામકૃષ્ણમાં ખૂબ શ્રદ્ધા હતી. તેમની આ શ્રદ્ધાના બદલામાં તેમને એક અદ્ભુત દર્શનની પ્રાપ્તિ થઈ. એક દિવસ રામકૃષ્ણ પોતાના ઓરડાની બહારના ભાગમાં સંગીત ટાવરની સામે આવેલ ઓસરીમાં લટાર મારી રહ્યા હતા. તે વખતે શ્રી મથુરબાબુ કોઠીના મકાનમાં એકલા બેઠેલા હતા. આ કોઠીની બારીમાંથી તેઓ શ્રી રામકૃષ્ણને લટાર મારતા જોઈ શક્તા હતા. તે વખતે તેઓ ઊંડા ધ્યાનની અવસ્થામાં હતા. તેમ જ કોઇ તેમને જોઇ રહ્યું છે કે કેમ તે અંગે તદ્દન બેધ્યાન હતા.

તે વખતે અચાનક શ્રી મથુરબાબુ કોઠીમાંથી બહાર દોડી આવી શ્રી રામકૃષ્ણદેવના ચરણોમાં પડી ગયા; એટલું જ નહિ. પરંતુ તેમનાં ચરણો પકડી એકદમ રડવા લાગ્યા.

આથી રામકૃષ્ણ તેમની ધ્યાનાવસ્થામાંથી એકદમ ચમકીને ભાવમાં આવી ગયા. મથુરબાબુના આવા વર્તનથી એમને આશ્ચર્ય ને મૂંઝવણ થઈ. જોકે રાણી રાસમણી અને મથુરબાબુ બંન્ને શ્રી રામકૃષ્ણ તરફ ખૂબ પૂજ્યભાવ રાખતાં. એટલું જ નહિ પરંતુ ધાર્મિક બાબતમાં તેમની સલાહ પણ લેતાં.આમ છતાં ગામડામાંથી આવતા યુવાનની એક અતિ ધનવાન વ્યક્તિ તરફ જેવો આદર થાય તેવો શ્રી રામકૃષ્ણ મથુરબાબુ પ્રત્યે ધરાવતા. વધારામાં તેઓ તેમના પાલક અને રક્ષક બંન્ને હતા. આથી એમણે મથુરબાબુને આશ્ચર્યથી પૂછ્યું, ''અરે,

તમે આ શું કરો છો? તમે તો એક શ્રીમંત ગૃહસ્થ ને રાણી રાસમણિના જમાઈ છો. તમોને કોઈ આ પ્રમાણે વર્તન કરતા જુએ, તો લોકો શું કહેશે! શાંત થાઓ ને મહેરબાની કરી ઊભા થઈ જાઓ.'' આમ છતાં થોડા સમય સુધી મથુરબાબુ પોતાનું રુદન રોકી શક્યા નહિ. આખરે સ્વસ્થ થઈને પોતાના આવા વર્તનનો ખુલાસો કરતા કહેવા લાગ્યા : ''ગુરુદેવ, આપ ઓસરીમાં હમણાં આંટા મારી રહ્યા હતા તે હું જોઈ રહ્યો હતો, ત્યારે આપ જેવા મારી તરફ ફરતા કે આપને સ્થાને હું મા જગદંબાને જોતો કે જે દક્ષિણેશ્વરના મંદિરમાં બીરાજે છે; અને આપ જેવા મારી તરફ પીઠ ફેરવી ઊલટી દિશામાં ચાલવા લાગતા કે તમે ભગવાન શંકરરૂપે મને દેખાતા. પ્રથમ તો મારી આંખો આ ના માની શકી. એટલે મેં તેમને ચોળી જોઈ અને પછી ફરી આપની તરફ જોયું. ત્યારે પણ ઉપર પ્રમાણે જ મને દેખાયું. મેં આમ વારંવાર જોયા કર્યું, પરંતુ દર વખતે મને એ પ્રમાણે દેખાતું રહ્યું.''

પાછળથી આ ઘટનાનો ઉલ્લેખ કરતાં શ્રી રામકૃષ્ણ કહેતા કે ''તે સમયે મને શું થઈ રહ્યું છે એનું મને ભાન ન હતું. મને એની કોઈ ખબર જ નથી. પણ મારી આ વાત હું મથુર-બાબુને કેમે કરી સમજાવી ન શક્યો. મને એ ભય હતો કે આ આખી વાત જાણીને કોઈ રાણી રાસમણિને કહી દે, તો તે મારા વિશે શું ધારે? એમણે કદાચ કહ્યું હોત કે મેં મથુરબાબુ ઉપર કોઈ જાદુ કર્યો છે.''

એ વર્ષના શિયાળામાં રાણી રાસમણી ભારે માંદગીમાં પટકાઈ પડ્યાં. એમને તાવ સાથે મરડો થયો હતો. જ્યારે એમને ખાતરી થઈ ગઈ કે હવે તેમના જીવનનો અંત નજીક



આવી રહ્યો છે, ત્યારે તેઓ દક્ષિણેશ્વર મંદિરની મિલ્કતની સોંપણી કરતો અધિકારપત્ર તૈયાર કરી નાખવા અધીરાં બન્યાં એ પાછળનો એમનો એક માત્ર હેતુ મંદિરની પૂજા સેવા અવસાન પછી વ્યવસ્થિત થતી રહે તેની ખાતરી કરી લેવાનો હતો. આ પ્રકારનું આખરી વસિયતનામું કદી થઈ શક્યું નહિ, કારણ કે એ કરવા માટે રાણી રાસમણીને તેની બે જીવંત પુત્રીઓની સહીઓ લેવાની હતી કે જેથી તેઓ દક્ષિણેશ્વરની સ્થાવર મિલ્કત ઉપર પોતાનો હક જતો કરે. નાની પુત્રીએ વસિયતનામા ઉપર સહી કરી આપી, પરંતુ મોટી પુત્રી પદ્માવતીએ સહી કરી આપવાની ના પાડી. આથી રાસમણીને તેના અંતિમ દિવસોમાં ભારે દુ:ખ થયું. એ દુ:ખ એટલું બધું ભારે હતું કે મૃત્યુશય્યા પર પડેલાં રાણી રાસમણિને મા જંગદંબાએ દર્શન આપ્યાં તોપણ પૂરેપૂરું સુખ ના અનુભવી શક્યાં. પોતાની આસપાસ દીવાઓ પ્રકટાવેલા જોઈને, તેઓ એ બિન જરૂરી છે એમ કહી ખસેડી લેવા જણાવ્યું, કારણ કે મા જગદંબાના આગમનનો એ પ્રકાશ એકદમ જાજવલ્યમાન હતો. તેઓના મુખમાંથી આશ્ચર્ય સાથે ઉદ્ગાર નીકળી ગયા કે હે મા, તમે આવી ગયાં! પછી થોડી ક્ષણો થંભી જઈ ખેદપૂર્વક બોલ્યાં કે ''પદ્માએ સહી નથી કરી; મા, હવે શું થશે?'' રાણીના આ છેલ્લા ઉદ્ગારો હતા. આ મહાન ભક્તની જિંદગી એના કારણે જ જાણે કે ટૂંકી થઈ, કારણ કે તેઓ જીવનભર સંપત્તિ અને દુન્યવી બાબતોની ચિંતાથી ભાગ્યે જ મુક્ત રહી શક્યાં. બિચારાં રાણીનો આ ભય સાચોસાચ સકારણ હતો; કારણ કે દક્ષિણેશ્વરની મિલકત અનેકવાર કૌટુંબિક સભ્યોના ઝગડાઓને લીધે પ્રારંભથી

આજદિન સુધી અદાલતના કેસોનો ભોગ બની છે.

રાણી રાસમણિનો સ્વર્ગવાસ તા. ૨૦ ફેબ્રુ. ૧૮૬૦ના રોજ થયો. તે પછી મથુરબાબુ તેમની સર્વ મિલકતના એક માત્ર વહીવટદાર બન્યા. પરંતુ આટલી વિપુલ સંપત્તિ ને પ્રતિષ્ઠાએ તેમને જરાય ભૌતિકવાદી બનાવ્યા નહિ. જ્યારથી મથુરબાબુને રામકૃષ્ણમાં મા જગદંબા તેમ જ શંકરનાં દર્શન થયાં, ત્યારથી એમની શ્રી રામકૃષ્ણમાંની શ્રદ્ધા ખૂબ દૃઢ બની ગઇ હતી. ત્યારથી શ્રી રામકૃષ્ણની તેઓ બનતા બધા પ્રકારે સેવા કરવા લાગ્યા. તેઓ શ્રી રામકૃષ્ણને કહેતા : આ બધું આપનું જ છે. હું તો કેવળ આપનો સેવક જ છું. જો એમને અનુમતિ આપવામાં આવી હોત તો સાચેસાચ તેમણે શ્રી રામકૃષ્ણને સારી સંપત્તિ આપી હોત, પરંતુ આવા કોઈ ઉલ્લેખ માત્રથી રામકૃષ્ણ નારાજ થઇ જતા ને તેમને સખ્ત ઠપકો આપતા. એથી મથુરબાબુ માટે રામકૃષ્ણને ગમતી બાબતોમાં પૈસા ખર્ચી સેવા કરવા સિવાય બીજો કોઇ વિકલ્પ ન હતો. એનાથી જ એમને સંતોષ માનવો પડતો. આથી જ્યારે ત્યાં કોઇ પંડિતો કે પૂજનીય લોકો આવતા ત્યારે મથુરબાબુ છૂટા હાથે ભેટો આપતા. તે ઉપરાંત, ગરીબ લોકોને તેઓ ઉદારતાથી ને મોકળા મને ખવડાવતા વળી તેઓએ મંદિરની ત્રિપુરાસુંદરીની મૂર્તિ માટે સુંદર સોનાના ઘરેણાં પણ ખરીદ્યાં. વળી શ્રી રામકૃષ્ણ જ્યારે કોઇ ધાર્મિક ઉત્સવમાં કે મેળમાં જવાની ઇચ્છા કરતા, ત્યારે તેઓને માટે શ્રી મથુરબાબુ ખૂબ છૂપાવેશે અંગરક્ષક સાથે એમની પાછળ પાછળ ચાલતા. એ પાછળનો એમનો હેતુ ભીડમાં રામકૃષ્ણને કોઇ પ્રકારની ઇજા ન થઇ જાય જોવાનો હતો. (ક્રમશઃ)

**(શ્રી ક્રિસ્ટોફર ઇશરવુડના આધારે)**



# સાચું દાન

**શશિન્**

ત્યાગની ઉદાત્ત ભાવના કેવી હોય તે સંત વિનોબાજીના ભૂદાન યજ્ઞ સંબંધી એક પ્રસંગ પરથી આપણે જાણી શકીએ. વિનોબાજીએ ભૂદાન માટે એક ગામમાં ટહેલ નાખી, એટલામાં એક ડોશી સંકોચ સાથે તેમની સમક્ષ હાજર થઇ. બે હાથ જોડીને કાકલૂદીભર્યા શબ્દોમાં કહ્યું : ''મહારાજ, આપને આપવા માટે મારી પાસે જમીન તો નથી, પણ દસ બકરીઓ છે. એ પૈકી દૂઝણી બકરી તો એક જ છે. આપ સ્વીકારો તો મારા પેટ ગુજારા માટે રાખેલી આ દૂઝણી બકરી આપના ચરણોમાં અર્પણ કરું.''

વિનોબાજીએ આદરપૂર્વક કહ્યુંઃ ''માતા, દાન એ દાન છે. તમે મને બકરી દાનમાં અવશ્ય આપી શકશો. પણ મારી ભૂદાન પ્રવૃત્તિ લોકકલ્યાણ માટે છે. એટલે બકરીનો ઉપયોગ પણ મારે કોઇના ભલા માટે કરવો પડે. જો તમે તમારા જ ગામમાં રહેતા કોઇ ગરીબનું નામ મને જણાવો તો આ બકરી તેને દાનમાં આપી દઇએ.''

માજીએ થોડોક વિચાર કર્યો. પછી વિનોબાજીને જણાવ્યું : ''મહારાજ, મારા ગામમાં એક ગરીબ છોકરો છે. એ બાપડાનું કોઇ નથી! મારી બકરી તમે એ છોકરાને આપો તો એની આંતરડી ઠરશે.''

અને વિનોબાજીએ પેલી માજીએ આપેલી બકરી એ ગરીબ છોકરાને દાનમાં આપી દીધી. માજી હરખાયાં. અને હસતે મોઢે બકરી એ છોકરાને હવાલે કરી.

માજી ઘેર ગયાં, પણ વિનોબાજીને નાનકડું દાન આપ્યાને કારણે તેઓ શાંતિથી સૂઈ શક્યાં નહિ.

મનોમન કશોક નિર્ણય કરી તેઓ વળી પાછાં સંત વિનોબાજી પાસે પહોંચી ગયાં અને વિનોબાજીને કહ્યું : ''મહારાજ, મારી પાસે બે ખોરડાં છે. એકમાં હું રહું છું ને બીજા ખોરડામાં હું બકરીઓ બાંધુ છું. બકરીઓ તો હું વાડામાં પણ બાંધી શકું. એટલે બીજું ઘર હું દાનમાં આપવા ઈચ્છું છું.''

વિનોબાજીએ કહ્યું : ''ભલે, પણ મારે ગામની વસ્તુ ગામ-વાસીઓના કલ્યાણ માટે વાપરવી જોઈએ. તમારા ગામમાં કોઈ ઘર વગરનું છે? તમે આપેલું ઘર એને દાનમાં આપી દઈએ.''

ડોશીમાંએ વળી પાછું કશુંક યાદ કરવા માથું ખંજવાળ્યું અને કહ્યું : ''હા મહારાજ, અમારા ગામના ચોકીદારને પોતાનું ઘર નથી, એટલે એ બીચારો કોઈકના ઓટલે પડ્યો રહે છે. જો એને આપ મારું ઘર દાનમાં આપો તો એ ખુશ-ખુશાલ થઈ જશે અને મારા આત્માને ટાઢક વળશે.''

વિનોબાજીની સુચના અનુસાર પહેલાં ચોકીઆતને તેમની સમક્ષ હાજર કરવામાં આવ્યો, અને માજીની પોતાનું ઘર આપવાની ઈચ્છા તેને જણાવવામાં આવી. એણે કહ્યું : ''મારા ધનભાગ્ય! માજીએ દાનમાં આપેલું દાન હું જરુર સ્વીકારીશ. ભગવાન એમનું ભલું કરે!''

વિનોબાજીએ કહ્યું : ''ભલે, તમે ઘરનું સમારકામ કરાવી લેજો. પણ મારા તરફથી એક શરત : માજી અનાથ છે. એટલે તેઓ જીવે ત્યાં સુધી તમારે એમની સેવા કરવાની.



બોલો, ચોકીદારજી, મારી શરત કબૂલ છે?''

ચોકીદાર જવાબ આપે તે પહેલાં માજીએ વિનોબાજીની વાતને કાપી નાખતાં કહ્યું : ''ના મહારાજ, ના મારી આ ચોકીદાર ભયલો સેવા કરે એટલા માટે હું આ ઘર દાનમાં નથી આપતી. મારી પાસે બે ઘર છે અને ચોકીદાર ઘર વિહોણા છે. માટે હું એને ઘર દાનમાં આપવા ઈચ્છું છું અને જો શરત જ મૂકવી હોય તો એવી જોગવાઈ કરો અને એવા લખાણની વ્યવસ્થા કરી આપો કે મારા મૃત્યુ પછી પણ આ ચોકીદાર પાસેથી મેં આપેલું ઘર કોઈ પડાવી ન લે. શરતી દાન એ દાન નથી, પણ સોદો છે. મહારાજ, મારાવતીથી દાનમાં કોઈ શરત રાખી મને પાપમાં ન નાખો.''

આ છે એક ગ્રામીણ બાઈની મહાનતાનું અનુકરણીય ઉદાહરણ.

એ વાત સાચી છે કે દોલતને કારણે માણસને મળતું સન્માન એ તેના વ્યક્તિત્વનું સન્માન નથી, પણ તેની દોલતનું સન્માન છે. નેક કામ ગુપ્ત રીતે કરવું, એ સમજવામાં આજનો માણસ નિરક્ષર સાબિત થયો છે.

**(ગુજરાત સમાચારના સૌજન્યથી)**

# પ્રેરક પ્રસંગો

મધુરમ્

## રાજા જાનશ્રુતિ

અગાઉ થઇ ગયેલ જાનશ્રુતિ નામનો રાજા તેની દાનશીલતાને લીધે વખણાતો હતો. કોઇ તેને ત્યાંથી ભૂખ્યું કે દુઃખ્યું પાછું સંતુષ્ટ થયા વિના ન જતું. એક વાર એ રાજા મહેલની અગાશીમાં બેઠો હતો ત્યારે માથા પર ઊડતા બે હંસો પૈકી એકે બીજાને કહ્યું : "આ જાનશ્રુતિ રાજાનું દાનવીરતાને કારણે સૂર્ય જેવું પ્રખર તેજ છે. તું જરા દૂરથી ઊડજે, નહિતર બળીને ભસ્મ થઇ જશે." ત્યારે બીજા હંસે કહ્યું : "આ રાજા ગમે તેટલો મોટો દાનવીર હોય, પણ ખરું તેજ તો ગાડાવાળા રૈક્વનું છે. તેઓ માનવજાતિનાં બધાં સત્કર્મનું ફળ મળે તેવા જ્ઞાની છે."

આ સાંભળી રાજા જાનશ્રુતિને રૈક્વને મળવાની ઉત્કંઠા થઇ. તપાસ કરાવી તો જણાયું કે એ ગાડાવાળો તે નિર્જન ગ્રામપ્રદેશમાં ગાડા નીચે ખસ ખજવાળતી દશામાં બેઠો છે. તરત જ એ રાજા તેને ભેટરૂપે આપવા માટે છસો ગાયો, સુવર્ણ હાર ને સુંદર રથ લઇને તેના દર્શને ગયો. ત્યાં જઇ વંદન કરી તેને વિનંતી કરી : "આ બધી વસ્તુઓ સ્વીકારીને મને ઉપદેશ આપો."

એ સાંભળ્યા છતાં જરાય ઊંચું જોયા વિના એણે કહ્યું : "આ બધી સામગ્રીની મને જરૂર નથી. આ ગાડું પૂરતું છે." રાજાને લાગ્યું કે કદાચ એને વસ્તુઓ ઓછી લાગી હશે. એટલે તે તો પાછો બીજે દિવસે એક હજાર ગાયો, સુવર્ણ



હાર, રથ અને સુંદર કન્યા લઇ તેને ભેટ આપવા ગયો અને કહ્યું : "જુઓ, હું ખાલી હાથે ઉપદેશ લેવા આવ્યો નથી. આ બધું આપ સ્વીકારો ને મને ઉપદેશ આપો."

ત્યારે રૈક્વે ઊંચું જોયું અને સામગ્રી પર નજર નાખીને કહ્યું : "તું ખાલી હાથે નહિ, પણ ખાલી હૃદયે ઉપદેશ લેવા આવ્યો છે. શું તું ઈશ્વરી જ્ઞાનને ભેટ વસ્તુઓની સંખ્યા વધારીને ખરીદવા માગે છે? આખા જગતનું રાજ્ય મારે ચરણે મૂકે તોપણ જ્ઞાન માટે એ મૂલ્ય પૂરતું નથી. તારો હેતુ શુભ છે તેથી તને શાપ નથી આપતો. સાધન—સંપત્તિ અર્પણ કરવાથી નહિ, પણ જાતને અર્પણ કરવાથી જ્ઞાન મળે. તારું હૃદય સાધન—સામગ્રીના અભિમાનથી ભરેલું છે ત્યાં સુધી તેમાં જ્ઞાન ઊગી શકશે નહિ. અભિમાન ઓગળે તો તેમાં પ્રભુનો વાસ થાય. માટે તારે જ્ઞાન મેળવવું હોય તો ભેટની સામગ્રી પાછી મોકલીને તારી જાત અર્પણ કરી દે. જાત બચાવીને ઈશ્વરીય જ્ઞાન મેળવી નહિ શકાય."

રૈક્વની આવી વાણી સાંભળીને રાજાની આંખ ઊઘડી ગઇ ને તેને સાચી દૃષ્ટિ સાંપડી. તે એ મુનિના પગમાં ઝૂકી પડ્યો ને પોતાની જાતનું સમર્પણ કર્યું. તેમનો શિષ્ય થયો અને જ્ઞાન પામીને કૃતાર્થ થયો.

## આલ્બર્ટ આઇન્સ્ટાઇન

બીજી ઑક્ટોબર, ૧૮૬૯ ના રોજ જન્મેલા, ઇ. સ. ૧૮૯૧ ની તા. ૧૦ જૂને બેરિસ્ટરની પરીક્ષા પાસ થઇ બેરિ-સ્ટર થયેલા, રસ્કિનના 'અન ટુ ધ લાસ્ટ' (સર્વોદય) પુસ્તક વાંચીને ક્રાંતિકારી પરિવર્તન પામેલા ૧૯૧૫ માં ગૌંડલના માનપત્રમાં સર્વપ્રથમ વાર 'મહાત્મા'નું બિરુદ પામેલા ને ૧૯૧૮ માં રેંટિયાનો પુનરુદ્ધાર કરી ૧૯૨૦ માં અમદાવાદ

ખાતે ગુજરાત વિદ્યાપીઠ સ્થાપનાર ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી માટે જગવિખ્યાત વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈને ઉદ્ગાર કાઢ્યા છે—"હાડમાંસનો બનેલો આવો કોઈ માનવી ખરેખર આ પૃથ્વી પર વિહર્યો હશે એવું આવનારી પેઢીઓ ભાગ્યે જ માનશે." સાપેક્ષવાદનો સિદ્ધાંત શોધનાર એ શાળામાં એક વર્ષ નાપાસ થયેલા હતા ને વર્ષ બગાડ્યું હતું. ફ્રેંચ, ચિત્રકળા ને જીવશાસ્ત્ર વિષયોમાં તે નાપાસ થયેલા.

એક બીજા પ્રસંગે ઈ. સ. ૧૯૪૮ માં ઈઝરાયલની સ્થાપના થઈ ત્યારે ત્યાંના વડાપ્રધાન ડેવિડ ગુરિયોએ આ વીસમી સદીના જગપ્રસિદ્ધ શ્રેષ્ઠ વૈજ્ઞાનિકને એ યહૂદી હોવાની રૂએ ઈઝરાયલના પહેલા રાષ્ટ્રપ્રમુખના સ્થાને બિરાજવા માટે વિનંતી કરી હતી. કેમ કે તેમના જેવા વિજ્ઞાનના સર્વકાલીન મહાન વૈજ્ઞાનિકોમાં ગણાતા યહૂદી, એ સર્વોચ્ચ પદ શોભાવે તો ઈઝરાયલનું ઘણું ગૌરવ વધે.

એ વિનંતીનો અસ્વીકાર કરતાં તે જવાબરૂપે એ વિજ્ઞાનીએ વિનમ્રતાથી ત્યારે કહેલું : "હું વૈજ્ઞાનિક છું અને વિજ્ઞાન મારો વિષય છે. રાજકારણ મારું ક્ષેત્ર નથી અને એ મારો વિષય નથી. એટલે મને માફ કરો. આપની વિનંતી લોભામણી હોવા છતાં, હું સ્વીકારી શકતો નથી."

બીજી એક વાર તેમને કોઈ કે સામાન્ય માણસ અને તેમની વચ્ચે કેવો તફાવત રહેલો હોવાની બાબતમાં પૂછ્યું હતું, ત્યારે જવાબમાં કહેલું : "જુઓ, તમે જો સામાન્ય માણસને ઘાસની ગંજીમાં પડી ગયેલી સોય શોધવાનું કહેશો તો તે એક સોય જડી આવ્યા પછી આગળ શોધ નહિ કરે.



ત્યારે હું તો એમ નહિ કરું, પણ એક સોય મળ્યા પછી પણ ઘાસની ગંજીને ફંફોળતો ને ફેંદતો રહીશ ને શક્ય તેટલી વધારેમાં વધારે સોય શોધવાનું ચાલુ રાખીશ ને એ શોધી જ આપીશ."

## સર સી. વી. રામન

જગવિખ્યાત ભારતીય વૈજ્ઞાનિક સર સી. વી. રામનને ઈ. સ. ૧૯૫૫ ના વર્ષમાં ભારત સરકાર તરફથી "ભારતરત્ન" ખિતાબ એનાયત થનાર હતો, ત્યારે તત્કાલીન સર્વપ્રથમ રાષ્ટ્રપ્રમુખ ડૉ. રાજેન્દ્રપ્રસાદે તેમને તા. ૧૪ જાન્યુઆરી, ૧૯૫૫ ના રોજ તાર દ્વારા વિનંતીરૂપે જણાવ્યું : "ભારતરત્નનો ખિતાબ સ્વીકારવા આપ નવી દિલ્હી પધારો ત્યારે મારા મહેમાન તરીકે મારી સાથે રહેશો તો મને ઘણો આનંદ થશે. આપ ક્યારે અને કેવી રીતે પધારનાર છો તેની જાણ કરશો, જેથી આપના સત્કારની ગોઠવણ કરી શકાય."

એના જવાબરૂપે એ મશહૂર વૈજ્ઞાનિકે તારથી જણાવ્યું : "આપના મહેમાન તરીકે રહેવા માટેનું ભાવભર્યું નિમંત્રણ મળ્યું. એ માટે આપનો હૃદયપૂર્વક આભાર માનું છું." પણ અત્યારે હું ઘણા કાર્યમાં વ્યસ્ત છું, કેમ કે મારા એક વિદ્યાર્થીની ડૉક્ટરેટની થિસિસ યુનિવર્સિટીના નિયમ મુજબ જાન્યુઆરીના અંત સુધીમાં સોંપવાની છે. હું સમજું છું કે વિદ્યાર્થી પ્રત્યેની મારી ફરજ સર્વપ્રથમ છે અને પછી બીજી અંગત બાબતો હોય, આ સંજોગોમાં હાલ મારાથી બૅંગ્લોર છોડીને દિલ્હી આવી શકાય તેમ નથી. મને પૂરો વિશ્વાસ છે કે મારા સંજોગો સમજીને આપ ઉદાર બનશો."

અને સર રામન ભારતરત્ન ખિતાબ લેવા દિલ્હી ન ગયા.

## માર્ક ટ્વેન

એક વાર સુપ્રસિદ્ધ લેખક માર્ક ટ્વેન પોતાના ભાષણના કાર્યક્રમ અંગે એક શહેરમાં ગયા હતા. સંજોગોવશાત્ તેમને દાઢી કરાવવા માટે ત્યાંની એક સલૂનમાં જવાનું થયું.

સલૂન–દુકાનના બોલકણા નાઈએ દાઢી કરતાં તેમને કહ્યું: ‘‘સાહેબ, આપ જાણો છો? આજે અહીં શહેરમાં માર્ક ટ્વેન નામના વિદ્વાનનું સાંજના ભાષણ છે, તમે જરૂર જજો, પણ અગાઉથી ટિકિટ ખરીદી લેજો. નહિ તો જગ્યા નહિ મળે ને તમારે ભારે ભીડ વચ્ચે ઊભા ઊભા ભાષણ સાંભળવું પડશે. તમે ટિકિટ ખરીદી છે કે નહિ?’’

‘‘ના ભાઈ, મેં હજુ ટિકિટ નથી ખરીદી.’’

એ સાંભળી નાઈ બોલ્યો : ‘‘તો તો તમારે ઊભા જ રહેવું પડશે.’’

‘‘ભાઈ, મારે તો માર્ક ટ્વેનના ભાષણમાં ઊભા જ રહેવું પડે છે, એ મારી કમનસીબી છે.’’

નાઈ તો જોતો જ રહ્યો. પણ પાછળથી એ જ વ્યક્તિ માર્ક ટ્વેન હોવાની ખબર પડી ત્યારે તો તે શરમિંદો થઈ ગયો. અને થયેલાં ગતકડાં બદલ હસી પડ્યો.

એક બીજા પ્રસંગે એ સાહિત્યકાર તેમના એક મિત્રને એક વાર મળવા ગયા. તે મિત્રની એક આંખ સાચી ને અસલી હતી, પણ બીજી આંખ નકલી એટલે કે કાચની હતી.

ત્યાં બીજાય મિત્રો એકઠા થયા હતા. એમની વચ્ચે એક શરત બકવાની વાત થઈ કે મિત્રની કયી આંખ નકલી છે ને કઈ આંખ અસલી છે–તે જે સાચી રીતે કહી આપે તેને બસો પાઉન્ડનું ઈનામ આપવાનું નક્કી થયું.



એ શરતમાં માર્ક ટ્વેઈનની જીત થઈ, કેમ કે તેણે તે મિત્રની નકલી આંખ અને અસલી આંખ બરાબર કહી બતાવી ને એ માટે એણે જે કસોટી રાખી હતી તે એ હતી કે જે આંખ બીજાનું દુઃખ જોઈને ભીની થાય ને આંસુ સારે તે અસલી ને સાચી આંખ ને જે એ રીતે અશ્રુભીની ન થાય તે નકલી આંખ.

ત્યારે માર્ક ટ્લેઈને તો વળી એમ પણ કહ્યું કે જે માણસની સાચી આંખ પણ પરદુઃખે અશ્રુભીની ન થાય તે માનવ નામને લાયક જ નથી.

વળી, એક વાર હાસ્યલેખક એક દેવળમાં ‘દાન’ પરનું પ્રવચન સાંભળવા ગયા હતા. પાદરીના ભાષણથી પ્રભાવિત થઈને તેમણે પોતાના ખિસ્સામાંના દસ ડૉલરને બદલે પાંચ ડૉલર દાનમાં આપવાથી ચાલી શકશે, કેમ કે દસ ડૉલર આપવાની વાત કોઈની સાથે થઈ જ નથી.

થોડી વાર પછી તેને થયું કે પાંચ ડૉલરને બદલે અઢી ડૉલર દાનમાં આપવા બસ થઈ પડશે. પણ વ્યાખ્યાન પૂરું થયે તેને લાગ્યું કે બીજા બધા તો કદાચ અડધો જ ડૉલર દાનમાં આપશે, એટલે પોતે એક ડૉલરનું દાન કરે તો ય પૂરતું થઈ પડશે. ને એ બીજા કરતાં વધારે હશે.

છેવટે જ્યારે ખરેખર દાનપાત્ર તેની સમક્ષ આવ્યું ત્યારે તેને થયું : ‘‘અરે, આ પાદરીએ તો પ્રવચનમાં મારો એક કલાક બગાડ્યો છે, તેનું શું?’’

આમ વિચારીને તેણે કંઈપણ દાનમાં આપવાને બદલે દાનપાત્રમાંથી એક ડૉલર ઉપાડી લીધો ને બોલ્યા : ‘‘કોણ જુએ છે?’’

○

# એક સાધ્વીની હિમાલય યાત્રા

ભાણદેવજી

એકવાર અમે બે મિત્રો હિમાલયની દીર્ઘકાલીન યાત્રા માટે નીકળ્યા છીએ. યાત્રા પહેલાં અને યાત્રા દરમિયાન અમે ઠીક ઠીક પૂર્વ તૈયારી કરી છે. હિમાલયની આ પહેલાં ચાર યાત્રા કરી છે. હિમાલય વિશેનાં ઉપલબ્ધ પુસ્તકો વાંચીને નોંધ તૈયાર કરી છે. હિમાલયના જાણકાર મિત્રોને મળીને તેમની પાસેથી શક્ય તેટલી વિગતો એકઠી કરી છે. નકશાઓ મેળવ્યા છે, અને જાતે પણ તૈયાર કર્યા છે. સાથે ભોજન-સામગ્રી અને દવાઓ પણ લીધી છે. સ્લીપીંગ બેગ, રુકશેક, હંટરશુઝ, મોજાં, લાકડી વગેરે સાધનો પણ સાથે લીધાં છે.

આમ તૈયારી કરીને અમે હિમાલય યાત્રા માટે નીકળ્યા છીએ. યાત્રા દરમિયાન વચ્ચે મળતાં યાત્રીઓ, સાધુઓ, સરકારી કર્મચારીઓ અને હિમાલયના નિવાસીઓ પાસેથી પણ અમે વિગતો, માર્ગદર્શન મેળવતા રહીએ છીએ. અમારી યાત્રાનો પ્રારંભ અમરનાથથી થયો છે. જમ્મુ–કાશ્મીર, હિમાચલ પ્રદેશની તીર્થયાત્રા પૂરી કરીને હવે અમે ઉત્તરાખંડની યાત્રા કરી રહ્યા છીએ. ગંગોત્રી, ગોમુખ અને તપોવનની– યાત્રા પૂરી કરીને હવે અમે બુઢ્ઢાકેદાર જઇ રહ્યા છીએ.

અમે ગંગોત્રીથી બસ દ્વારા ટિહરી અને ટિહરીથી બસ દ્વારા બુઢ્ઢાકેદાર પહોંચ્યા. રાત્રે મોડા પહોંચ્યા. અંધારું થઈ ગયું હતું. બુઢ્ઢાકેદાર એક મંદિર છે, અને એક ગામ પણ છે. પહાડી ગામડાંઓ સપાટભૂમિ પર તો હોય જ નહિં. આપણા પગ સપાટ ભૂમિ પર ચાલવા માટે ટેવાયેલા હોય છે. પહાડી



ગામડાંઓમાં એક સ્થાનેથી બીજા સ્થાને જતી વખતે મોટેભાગે ચઢવાનું કે ઊતરવાનું હોય જ છે. અમે બસ સ્ટેન્ડ પર ઊતર્યા. બસ સ્ટેન્ડ ગામના એક છેડે છે, અને મંદિર બીજા છેડે છે, એટલે અમારે ગામમાંથી પસાર થઈને આ છેડેથી સામેના છેડે પહોંચવાનું છે. અજાણી ભૂમિ અને વળી અંધારું થઈ ગયું છે. પૂછતાં પૂછતાં અને ચઢાણ–ઊતરાણ ચઢતાં–ઊતરતાં અમે મંદિરે પહોંચ્યા.

મંદિરના પૂજારીનું નામ અમરનાથજી છે. તેમના મોટા-ભાઈ કરણનાથજીએ અમરનાથજી પર અમને એક ચિઠ્ઠી લખી આપી છે, અમે તે ચિઠ્ઠી અમરનાથજીને આપી. મંદિરના પ્રાંગણમાં એક વૃદ્ધ સંન્યાસિની માતાજી ધૂણો પ્રગટાવીને ધૂણા પાસે બેઠા હતાં. અમરનાથજી પણ ધૂણા પાસે જ બેઠા હતા. તેમણે ધૂણાના પ્રકાશમાં ચિઠ્ઠી વાંચી. પોતાના મોટાભાઈની ચિઠ્ઠી વાંચીને તેઓ ખુશ થયા. અમારા માટે વ્યવસ્થા ગોઠવવા તત્પર થયા. અમને થોડી વાર અહીં જ બેસવાનું કહી તેઓ બાજુમાં જ રહેલા પોતાને ઘેર ગયા. અમે સંન્યાસિની માતાજીના ધૂણા પર બેસી રહ્યા.

આ માતાજી બંગાળનાં છે. હિમાલયની પગપાળા યાત્રા કરી રહ્યાં છે. યાત્રાના ક્રમે પંદરેક દિવસ પહેલાં અહીં બુઢ્ઢા-કેદાર આવી પહોંચ્યા છે. અહીં આવ્યા પછી તુરત અહીં મંદિરમાં શિવપુરાણની કથા ગોઠવાઈ હતી. મંદિરના અધિ-કારી અને ગ્રામજનોના આગ્રહથી અહીં મંદિરમાં જ છેલ્લા પંદર દિવસથી રોકાયાં છે. હવે એકાદ–બે દિવસમાં તેઓ પોતાની હિમાલય–યાત્રા આગળ ચલાવશે. અહીં મંદિરના પ્રાંગણમાં જ આસન લગાવ્યું છે, અને ધૂણો ધખાવ્યો છે.

અમે માતાજી સાથે થોડી વાતો કરીને દીર્ઘસત્સંગની ભૂમિકા તૈયાર કરી છે, તેટલામાં તો અમરનાથજી અમને બોલાવવા આવી પહોંચ્યા. અમે માતાજીને વંદન કરીને ઊઠ્યા, અને અમરનાથજી સાથે ગયા. સવારે માતાજી સાથે નિરાંતે સત્સંગ થશે, તેવી ગણતરી છે જ.

સવારે અમે મંદિરમાં ભગવાન બુઢ્ઢા કેદારબાબાના દર્શન—પૂજન માટે આવ્યા. અમારી ભાવના પ્રમાણે અમે પૂજા—અર્ચા કરીને પછી મંદિરની બહાર પ્રાંગણના એક ખૂણામાં ધૂણો પ્રગટાવીને બેઠેલાં સંન્યાસિની પાસે દર્શન—સત્સંગ માટે ગયા.

આ સંન્યાસિની માતાજી મૂળ બંગાળનાં છે. વૈષ્ણવ પરંપરામાં દીક્ષિત સાધ્વી છે. ઉંમર એંશીથી વધારે હશે. ચહેરા પર કરચલીઓ દેખાય છે, ઉજ્જ્વળ ગૌરવર્ણ છે, અને તપઃપૂત તેજ પણ છે. બંગાળથી તેઓ હરિદ્વાર સુધી ટ્રેઈન-દ્વારા આવ્યાં છે. હરિદ્વારથી તેમણે હિમાલયની પગે ચાલીને યાત્રા શરૂ કરી છે. તેમને સમયનું કોઈ બંધન નથી. તેમને ક્યાંય પહોંચવાની ઉતાવળ નથી. તેમને નિશ્ચિત સમયા-વધિમાં યાત્રા પૂરી કરી લેવાનું આયોજન નથી. માતાજી હિમાલયમાં પહેલીવાર આવ્યાં છે. હિમાલયની ભૂગોળના રસ્તાઓના જાણકાર નથી. તેમની પાસે હિમાલયનાં પુસ્તકો કે નકશાઓ નથી. લગભગ બે વર્ષથી માતાજી હિમાલયનાં તીર્થોની યાત્રા કરી રહ્યાં છે. કયા તીર્થમાં કેટલો સમય રહેવું, એક તીર્થની યાત્રા પૂરી કર્યા પછી હવે બીજા કયા તીર્થમાં જવું તેવો કોઈ નિશ્ચિત કાર્યક્રમ તેમની પાસે નથી. આ માતાજી જાણે સમયના ચક્રમાંથી બહાર નીકળી ગયાં છે.



તેઓ એટલું જ જાણે છે અને વિચારે છે કે તેઓ હિમાલયનાં તીર્થોની યાત્રા કરી રહ્યાં છે!

આ સંન્યાસિની માતાજીનું સ્ત્રી શરીર છે, વૃદ્ધાવસ્થા છે અને સર્વથા અકિંચન અવસ્થા છે. સાવ એકલાં છે, છતાં આ માતાજી કશાય ભય વિના હિમાલયનાં તીર્થોની પગપાળા યાત્રા કરી રહ્યાં છે. તેમની નિર્ભયતા એટલી સહજ છે કે તેમનામાં પોતાની નિર્ભયતાની કોઈ સભાનતા પણ નથી. અભય તેમના જીવન સાથે એકરસ બની ગયો છે. આ ભય સંકલ્પથી કેળવેલો પોકળ અભય નથી, આ અભય ભગવત્ નિર્ભરતામાંથી નિષ્પન્ન થયેલો સહજ સ્વાભાવિક અભય છે. એવું અનેકવાર જોયું છે કે ભયભીત માનવ પોતાના ભયને ઢાંકવા માટે બહારથી નિર્ભયતાનો અંચળો ઓઢી રાખે છે. અંદર ભય ધગધગતો હોય છે, અને બહારથી નિર્ભયતા, મર્દાનગી અને બહાદુરીનું નાટક ચાલતું હોય છે. આવી પોકળ નિર્ભયતા અણીને વખતે દગો દે છે. અંદર દબાવી રાખેલો ભય બહાર આવી જ જાય છે! પોપટને 'રામ રામ' બોલતાં શીખવીએ તો પોપટ 'રામ રામ' બોલે છે, પરંતુ અણીને વખતે, બિલાડી પકડે ત્યારે તો પોપટ પોતાની મૂળ ભાષા બોલવા માંડે છે, 'ટેં ટેં' કરવા માંડે છે. આ સંન્યાસિની માતાજીનો અભય ભગવત્ નિર્ભરતામાંથી, જીવનની મૂળભૂત સમજમાંથી પ્રગટેલો સહજ સ્વાભાવિક અભય છે, જે અભયમાં અભયની સભાનતા પણ ન હોય તેવો અભય છે.

માતાજીનું શરીર ડગુમગુ ચાલી શકે તેવું શરીર છે. પ્રથમ દૃષ્ટિએ એમ કલ્પના પણ ન કરી શકાય કે આ શરીર હિમાલયના પહાડો ચડી શકે, પરંતુ એ એક હકીકત છે, અને

તેથી જ માનવું જ પડે છે કે આ શરીર હિમાલયના પહાડો ચડીને, ઊતરીને હિમાલયનાં તીર્થોની યાત્રા કરી રહ્યું છે. માતાજીનું શરીર દુર્બળ છે, પણ મન દુર્બળ નથી. મનમાં શક્તિના પતિના આશ્રયની શક્તિ છે, તેથી મનના જોરથી નહિ ભગવાનની શક્તિના જોરથી આ માતાજી ડગુમગુ ચાલતા શરીર દ્વારા આ દુર્ગમ હિમાલયનાં અગણિત તીર્થોની યાત્રા કરી રહ્યાં છે. પોતે આમ કરીને કોઇ ભારે મોટું કાર્ય કરી રહ્યાં છે, તેવી કોઇ સભાનતા પણ તેમનામાં નથી. તેમના ચિત્તમાં આવા નિરર્થક મનોરાજ્યને સ્થાન જ નથી. તેઓ તો બસ પોતાના પ્યારા પ્રભુનાં સ્થાનોની યાત્રા કરી રહ્યાં છે.

બાહ્ય દૃષ્ટિએ વિચારીએ તો હિમાલયની યાત્રા માટે આવશ્યક એવું કશું આ માતાજી પાસે નથી. તેમના ગળામાં એક નાની ઝોળી છે. આ ઝોળીમાં શ્રી શાલિગ્રામ અને બાલકૃષ્ણની નાની મૂર્તિઓ છે. માતાજી એક લોટો જળ, એક તુલસીપત્ર અને ચંદનથી પોતાના ઇષ્ટદેવની સાત્ત્વિકી પૂજા કરે છે. યાત્રા દરમિયાન તુલસીના છોડ તો નિત્ય ઉપલબ્ધ હોય જ તેવું નહિ, તેથી તેઓ થોડાં સૂકવેલાં તુલસીપત્રો પોતાની પાસે રાખે છે. તુલસીનો છોડ ન હોય તેવા સ્થાને આ સૂકવેલાં તુલસીપત્ર દ્વારા પૂજા થાય છે. જમણાં હાથમાં ગૌમુખી છે. જપ મોટેભાગે સતત ચાલતા રહે છે. માતાજી પાસે સાદા કપડાથી બાંધેલી એક નાની પોટલી છે, તેમાં એકાદ જોડી કપડાં, એક ચાદર વગેરે છે. એક જીર્ણશીર્ણ લાકડી છે, જેને ટેકે ટેકે માતાજી ચાલી શકે છે. એક પાતળો જૂનો કામળો છે, તે જ માતાજીની સ્લીપીંગ બેગ છે. સૂતી



વખતે આ કામળો ઓઢી લે છે, અને ચાલતી વખતે આ કામળો શરીરે વિંટી લે છે.

સ્લીપીંગ બેગ, રુક શેક, હંટર શુઝ આવશ્યક સાધન સામગ્રીનું તેમણે નામ પણ સાંભળ્યું નથી. બાહ્ય દૃષ્ટિએ તેમની પાસે કશું નથી, છતાં તેમની પાસે ઘણું છે. તેમની પાસે છે શ્રદ્ધા, તેમની પાસે છે ભગવત્‌નિર્ભરતા, તેમની પાસે છે તિતિક્ષા, તેમની પાસે છે અભય, સહજ સરલ અભય, તેમની પાસે છે પોતાના પ્યારા કૃષ્ણ પ્રત્યે પ્રીતિ. અને આ જ તો યાત્રાની સાચી સામગ્રી છે, સાચી મૂડી છે. સ્લીપીંગ બેગ ન હોય તો પણ યાત્રા થઇ શકે. રુક શેક ન હોય તો પણ યાત્રા થઇ શકે. હંટર શુઝ ન હોય તો પણ યાત્રા થઇ શકે. પણ શ્રદ્ધા ન હોય તો? ભગવત પ્રેમ ન હોય તો? શ્રદ્ધા અને પ્રેમ વિના પર્વતારોહણ થઇ શકે, પ્રવાસ થઇ શકે, પણ યાત્રા ન થઇ શકે. યાત્રા માટે જે આંતરમૂડી જોઇએ તે માતાજી પાસે છે, ભરપૂર છે, અને તેથી બીજું કશું ન હોવા છતાં માતાજી વૃદ્ધ શરીરે, અકિંચન અવસ્થામાં, એકલાં અટૂલાં હિમાલયના તીર્થોની બે વર્ષથી યાત્રા કરી રહ્યાં છે. યાત્રા શું યાત્રાનુષ્ઠાન કરી રહ્યાં છે!

તેમની પાસે યાત્રાનું કોઇ આયોજન નથી, તેમને ક્યાંય જવાની ઉતાવળ નથી. તેમના માટે યાત્રા એક સાધના છે, અનુષ્ઠાન છે, તપશ્ચર્યા છે. યાત્રા દરમિયાન તેઓ પોતાની નિત્ય સાધના છોડતાં નથી. નામસ્મરણ મોટેભાગે અખંડ ચાલે છે. ચહેરા પર વૃદ્ધાવસ્થાની કરચલીઓ છે, અને તપશ્ચર્યાનું તેજ પણ છે.

જેમને કશું જ પામવાનો અબરખો નથી, તેઓ જ સાચી

શાંતિના ધણી છે! જેમને ક્યાંય જવાની ઉતાવળ નથી, તેઓ પ્રભુના દ્વાર પાસે પહોંચી ગયા છે! જેઓ કશું જ પામવા ઇચ્છતા નથી, તેમની ઝોળીમાં અમૂલ્ય રત્ન આવી ગયું છે. જેઓ વિરક્ત છે, તેઓ અભય છે, જેઓ અભય છે, તેઓ પ્રશાંત છે! જેઓ મહત્ત્વાકાંક્ષાથી મુક્ત થયા, તેઓ ધન્ય થયા!

અમરનાથજી અમને બોલાવવા આવ્યા છે, અને અમને લઈ જવા ઉતાવળ કરે છે. આવા તપઃપૂત વૃદ્ધા સાધ્વી સાથે સત્સંગની તક મળે, તે બહુ મોટી વાત છે, એટલે અમારે તો આ માતાજી સાથે સત્સંગ કરવો જ છે, તેથી અમરનાથજીને સમજાવીને રવાના કર્યા, અને અમે માતાજી પાસે બેઠા જ!

નવદ્વીપથી દશ કિલો મીટર એક આશ્રમ છે. માતાજી આ આશ્રમનાં અધ્યક્ષા છે. તેમનાં ગુરુભગિનીઓ અને શિષ્યાઓ તે આશ્રમમાં રહે છે, ગુરુમાતા દેવ થયા પછી, ગુરુમાતાની આજ્ઞા પ્રમાણે આશ્રમની ગાદી પર માતાજી બિરાજમાન થયાં છે. એક આશ્રમના મહંત હોવાનો કોઈ ભાર કે સભાનતા માતાજીમાં અંશમાત્ર નથી. પોતે બે વર્ષથી હિમાલયની યાત્રા કરી રહ્યાં છે, અને હજુ કેટલો સમય હિમાલયમાં રહેશે, તેનો કોઈ નિર્ણય થયો નથી. તેમની ગેરહાજરીમાં આશ્રમનું શું થશે, તેવી કોઈ ચિંતા તેમના મનમાં નથી. એક ગૃહસ્થને પોતાનાં સંતાનો અને ઘરની ચિંતા હોય છે, તેવી જ ચિંતા જ સાધુ કે સાધ્વીને આશ્રમની પણ હોય તો સાધુ કે સાધ્વી હોવાનો અર્થ શો છે!

માતાજી પહેલી જ વાર બંગાળની બહાર નીકળ્યાં છે. તેમને હિન્દી બરાબર બોલતાં આવડતું નથી. બંગાળી મિશ્રિત



હિન્દી બોલે છે. બંગાળીનો થોડો અભ્યાસ હોવાથી તેમનું બંગાળી મિશ્રિત હિન્દી હું સમજી શકું છું.

માતાજી જે આશ્રમમાં રહે છે, તે આશ્રમમાં તેઓ લગ-ભગ જન્મથી જ રહે છે, તે જાણીને મને ભારે નવાઈ લાગી. ટેકરી પરના આશ્રમમાંથી નીચે ઊતરીને એકવાર માતાજીનાં ગુરુમાતા સ્નાન માટે ગંગાપ્રવાહ પાસે આવ્યાં. તે વખતે ગંગાના પ્રવાહમાં તણાતું તણાતું એક નવજાતશિશુ આવ્યું, અને ગુરુમાતાએ તે શિશુને લઈ લીધું, અને ઊછેરીને મોટું કર્યું. આ નવજાત શિશુ તેજ આપણાં સંન્યાસિની માતાજી! આમ તેઓ આજન્મ સાધ્વી છે, તેમ કહી શકાય! આશ્રમ-જીવન સિવાયના જીવનનો તેમને પરિચય જ નથી. શાળાએ ભણવા ક્યારેય ગયાં જ નથી. ગુરુમાતાએ આશ્રમમાં જ શિક્ષણ આપ્યું છે. માતાજીની પાસે એક બંગાળી પુસ્તક છે— શ્રી ચૈતન્ય ભાગવત! આ દુનિયાની દુનિયાદારીની તેમને કશી જ ખબર નથી. તેઓ આ દુનિયાદારીની જાણકારીથી વંચિત છે, તેમ આ દુનિયાદારીની બદીઓથી પણ મુક્ત છે. તેમનામાં આપણે જોઈને આશ્ચર્યમુગ્ધ થઈ જઈએ તેવાં અનેક સદ્ગુણો છે. બુદ્ધની કરુણા કેળવેલી કરુણા નથી, નિર્વાણની સહજ અભિવ્યક્તિ છે! તેથી બુદ્ધ પોતાની કરુણા વિશે સભાન હોઈ શકે નહિ, સાયાસ હોઈ શકે નહિ!

હવે અમારી વચ્ચે થોડો સત્સંગ ચાલ્યો મેં પૂછ્યું, ‘‘માતાજી, સાધન શું છે?’’

માતાજીએ જરા પણ વિચાર કર્યા વિના ઉત્તર આપ્યો, ‘‘બહના સાધન હૈ, તૈરના શ્રમ હૈ.’’

મને લાગ્યું કે આ અનુભવી સાધકના શબ્દો છે. માતાજી

વિચારીને નહિ, અનુભવીને બોલે છે. એક સમર્પિત સાધક સિવાય કોઇ આવા શબ્દો બોલી શકે નહિ. પોતાના જોર પર સાધન કરવું તે તરવું છે. ભગવાનને સમર્પિત થઇને ભગવાન કરાવે તે સાધન કરવું તે માતાજીની ભાષામાં બહના (વહેવું) છે. માતાજી સમર્પણ ને સાધનનો પાયો અને સર્વોચ્ચ સાધના ગણે છે. મેં આગળ પૂછ્યું, ''માતાજી, નામ જપ શું છે?'' એ જ સહજ ભાવે માતાજી ત્વરિત ઉત્તર આપે છે, ''નામ પુકાર હૈ'' ભગવાનનું નામ લઇએ તે ભગવાનને માટે કરેલો એક એક પુકાર છે. નામજપ દ્વારા આપણે ભગવાનને પુકારીએ છીએ. માતાજીના શબ્દો મર્મભેદી છે. માતાજી ટૂંકાટૂંકા ઉત્તરો આપે છે, પણ ગાગરમાં સાગર જેવા તેમના ઉત્તરો છે.

મેં આગળ ચલાવ્યું,

''માતાજી, ભગવાન સાકાર છે કે નિરાકાર?'' માતાજીએ તુરત જ પ્રત્યુત્તર આપ્યો,

''કૌન જાનતા હૈ, વો કિતના હૈ? નમક્કી પુતલી સાગરકી ગહનતા કૈસે નાપ લેગી?'' થોડીવાર રહીને માતાજી બોલ્યા,

''દરકાર (આવશ્યકતા) ભી ક્યા હૈ? સાંવરા (શ્રીકૃષ્ણ) પર્યાપ્ત હૈ''

માતાજીને જોઇને, તેમની સાથે વાતો કરીને મને ઠાકુર શ્રીરામકૃષ્ણદેવના તંત્રવિદ્યાના ગુરુ ભૈરવી બ્રાહ્મણી (યોગેશ્વરી દેવી) યાદ આવ્યાં. મારાથી પૂછાઇ ગયું, ''માતાજી, આપ તંત્રવિદ્યા જાણો છો?''

માતાજીએ તુરત કહ્યું, બંગાળીમાં કહ્યું, ''કૃષ્ણ આમાર તંત્ર, કૃષ્ણ આમાર મંત્ર, કૃષ્ણ આમાર યંત્ર. આર કિછુ આમિ જાનિ ના. દરકાર ઓ નાહીં''



(''કૃષ્ણ જ મારું તંત્ર છે, કૃષ્ણ જ મારો મંત્ર છે, અને કૃષ્ણ મારું યંત્ર છે. બીજું કંઇ હું જાણતી નથી. જાણવાની ઇચ્છા પણ નથી.'')

સત્સંગ બરાબર જામ્યો છે, પણ મારા સાથી મિત્ર અને પૂજારી અમરનાથ ઉતાવળ કરી રહ્યા છે. અમરનાથજી બે હાથ જોડીને બોલ્યા,

''મહારાજ, બસ આ ચૂકી હૈ. ચંદ્રેશનાથકો બસસ્ટેન્ડ તક ભેજા હૈ. બસ અબ આપકા ઇન્તજાર હૈ.''

સત્સંગમાં આવેલા આ વિઘ્નથી હું કાંઇક નારાજ થયો. મારાથી બોલાઇ જવાયું,

''બસ તો કલ ભી આયેગી.''

બિચારા અમરનાથને ભોંઠા પડ્યા જેવું લાગ્યું.

તેમને કેમ સમજાવવું કે આવો સત્સંગ તીર્થયાત્રાનું એક મૂલ્યવાન અંગ છે. બસ તો રોજ આવે છે, સાચો સત્સંગ રોજ મળતો નથી. પણ હવે અમારે ઊઠ્યા વિના છૂટકો નથી. અમે માતાજીને પ્રણામ કરી, તેમની વિદાય લીધી. ફરીથી બુઢ્ઢાકેદારબાબાને પ્રણામ કરી, અમે બસ સ્ટેન્ડ તરફ ઝડપથી ચાલ્યા.

રસ્તામાં વિચારું છું—આવા સંતોથી આપણો આ ભારત-વર્ષ ઊજળો છે. જ્યાં સુધી આવા નામી—અનામી સંતો છે, ત્યાં સુધી જોખમ નથી.

સત્સંગ તો ખૂબ થયો, પરંતુ મેં આ સંન્યાસિની માતાજીનું નામ અને તેમની સંપ્રદાય પરંપરા તો પૂછી જ નહિ!

આ બધું પૂછવાની જરૂર પણ શું છે?

# ઉપાસના અંગે માર્ગદર્શન

સ્વામી સચ્ચિદાનંદ

## ઉપાસના—સામગ્રી

ઉપાસકે બને ત્યાં સુધી ઓછામાં ઓછી સામગ્રીથી ઉપાસના કરવી. એક સારું આસન પર્યાપ્ત છે. દીવો—ધૂપ જરૂર હોય તો કરવો, નહિ તો એકાંતમાં માત્ર આસન પાથરીને, પદ્માસન જેવા કોઇ આસન ઉપર બેસીને, બની શકે તો થોડા પ્રાણાયામ કરીને, પોતાના ઇષ્ટદેવનું નામ સ્મરણ કરવું. બારી—બારણાં બંધ કરીને ઘણી અગરબત્તીઓ જલાવવાથી હવાનું પ્રદૂષણ વધે છે જેથી ઉપાસના આરોગ્યને હાનિ થાય છે. પ્રભુને રાજી કરવા અંતરની પ્રાર્થના, વેદના અને પ્રેમ જ પર્યાપ્ત છે. જાતજાતની તથા ભાતભાતની અસંખ્ય પ્રકારની સામગ્રી અંતે 'પ્રદર્શન અને બાહ્યાડંબર' બની જતી હોય છે.

દૂધ, દહીં, ઘી, મધ, ખાંડ, પુષ્પો, નૈવેદ્ય, નાનાં—મોટાં અનેક પ્રકારનાં વાસણો, પ્રચૂર જળ, ઘંટડી, આરતી વગેરે ન હોય તોપણ ઉપાસનામાં કશો વાંધો આવશે નહિ. ઘણી વાર તો આ વસ્તુઓનો ઢગલો વ્યવસ્થા, ચોખ્ખાઇ, સુરક્ષા વગેરેની ચિંતા ઊભી કરશે, એટલે ઉપાસકે આવી વસ્તુઓ પ્રત્યે નિર્મોહી થવું. એક માળા લઇને કોઇ નદીકિનારે, ખેતરના શેઢે કે પોતાના એકાંત રૂમમાં શાંતિચિત્તે બેસીને પ્રભુભજન કરવું. ભક્તિને સસ્તામાં સસ્તી રહેવા દેવી. તેને મોંઘીદાટ ન બનાવી દેવી.



ઉપાસકે સોના—ચાંદીની મૂર્તિઓ, વાસણો, માળાઓ વગેરે કદી પણ ન રાખવું. આવી કીમતી વસ્તુઓ ઉપાસનામાં સહાયક નહિ પણ બાધક જ બને છે.

ઉપાસક જો પરંપરાથી કોઇ નિશ્ચિત સંપ્રદાયના સંસ્કારથી પોતાના સાકાર ઇષ્ટદેવને થાળ-ભોગની પરંપરા હોય તો તેને પણ ચાલુ રાખવી. પૂજારીના જીવનનિર્વાહ માટે પણ આ પ્રક્રિયા જરૂરી છે. ખરેખર તો ઉપાસક જમતી વખતે પરમાત્માને અર્પણ કરીને જમે છે તે થાળ જ છે.

પુનરાવર્તન કરીને પણ કહું છું કે બને તેટલી ઓછી સામગ્રી અને ઓછી ક્રિયાથી પરમાત્માની ઉપાસના કરવી. ચિત્તને અસ્થિર કરવાનું કામ પેલી સામગ્રી ન કરે તેનું ધ્યાન રાખવું.

હૃદયની શુદ્ધિ, સમર્પણ, દીનતા, કરગરવું, રડવું, પુલકિત થવું આ બધું હૃદયના જે જે સહાયક થાય તે સાધન છે અને બાધક થાય તે વિક્ષેપ છે. વધુ પડતી અને અનાવશ્યક સામગ્રી સાધન ન થતાં વિક્ષેપનું કારણ બની જતી હોય છે.

## ધ્યાન

ઉપાસનાનો ત્રીજો પ્રકાર ધ્યાન છે. પોતાના ઇષ્ટદેવમાં મનને તલ્લીન કરી દેવું તે ધ્યાન છે. કીર્તનથી પણ આવી તલ્લીનતા આવી શકે, જપથી પણ આવે અને પ્રાણાયમના દીર્ઘ અભ્યાસથી પણ આવે.

નિરાકાર અથવા સાકારનો ઉપાસક એકાંત સ્થળમાં નેત્ર બંધ કરીને પોતાના પ્રિય પ્રભુના રૂપ-ગુણમાં અથવા તેના અસ્તિત્વમાં સ્મરણ દ્વારા ડૂબી જાય, તન્મય થઇ જાય ત્યારે

તેને પોતાના પ્રભુનું સામીપ્ય અનુભવવા લાગે છે. સાકાર ઉપાસકને પ્રભુની ઝાંખી થવા લાગે છે. નિરાકારના ઉપાસકને પ્રકાશ તથા પવિત્રતાપૂર્ણ પ્રસન્નતાની લહેરોની અનુભૂતિ થવા લાગે છે. પરમાત્માનું સામીપ્ય એટલું સુખ આપે છે કે ઉપાસકને આંખ ઉઘાડીને અન્યત્ર જોવાની પણ ઈચ્છા થતી નથી. હરિરસનું અમૃત તેને અંતર તૃપ્તિ આપે છે એટલે બાહ્ય સુખો તથા પદાર્થો માટે તેની દોડાદોડી આપોઆપ ઓછી થઈ જાય છે. વારંવાર તેને આંખ મીંચીને પોતાના પ્રભુ સાથે તાદાત્મય મેળવવાની ઝંખના રહે છે. ધ્યાનથી દઢતા પ્રાપ્ત કરનારા ઉપાસકને કેટલુંક અલૌકિક જ્ઞાન પણ થઈ શકે છે. દૂરના માણસને જોવો, આવનારી ઘટનાઓની ખબર પડવી, વગેરે.

આજકાલ ધ્યાન શીખવનારા શિબિરો ઘણા થવા લાગ્યા છે. જિજ્ઞાસુ ઉપાસકે યોગ્ય લાગે તો તેમાં ભાગ લઈ શીખવા જેવી વસ્તુઓ શીખવી પણ આટલી વાતોથી સાવધાન રહેવું : ૧. આવા શિબિરો ધન કમાવા કે શિષ્યો વધારાના હેતુથી ન થતા હોય, ૨. આવા શિબિરોથી ઈષ્ટદેવ પ્રત્યેની નિષ્ઠાને હાનિ ન પહોંચતી હોય, અર્થાત્ નાસ્તિક, અર્ધનાસ્તિક અથવા ગુપ્તનાસ્તિક લોકો દ્વારા તે આયોજિત થયા ન હોય, ૩. આયોજક અંતે પોતાના જ ફોટાની ઉપાસના કરવાની સીધી અથવા આડકતરી રીતે પ્રેરણા આપતો ન હોય.

સારાની સાથે ખોટું પણ ઘણું ઉત્પન્ન થયું છે એટલે ઉપાસકે જાગૃતિ રાખીને યથાયોગ્ય વર્તવું. વધુ ઉત્તમ તો એ છે કે તેણે પોતાના પ્રભુ ઉપર દઢ વિશ્વાસ રાખીને તેને જ



ગુરુ બનાવી તેના માર્ગદર્શનમાં શાંતિ તથા પ્રસન્નતાથી ઉપાસના કરવી.

## પ્રાર્થના

ઉપાસના એ વ્યક્તિગત સાધનાનું સાધન છે. પણ જો તેને સમાજજાગૃતિ તથા એક્તાનું માધ્યમ બનાવવામાં આવે તો તેથી મોટો લાભ થઈ શકે. આ માટે વ્યક્તિગત પ્રાર્થનાની માફક સામૂહિક પ્રાર્થનાની પ્રથાને પ્રોત્સાહિત કરવી જરૂરી છે.

હજારો મુસ્લિમો એક સાથે નમાજ પઢે છે. હજારો ખ્રિસ્તીઓ એક સાથે પ્રાર્થના કરે છે. પણ હજારો હિન્દુઓને એક સાથે પ્રાર્થના કરતા જોઈ શકાતા નથી. હા, હજારો હિન્દુઓને ધક્કાધક્કી કરીને ગંગાસ્નાન કરતા જોઈ શકાય છે. મંદિરની જ વ્યવસ્થા એવી છે કે તેમાં હજારો માણસો એકી સાથે બેસી જ ન શકે. દર્શનાર્થી હડબડ કરતો આવે, ટોકરો વગાડે, દર્શન અને ભીડમાંથી માર્ગ કરીને ચાલતો થાય. આપણે ધર્મ તથા અધ્યાત્મનાં ક્ષેત્રમાં સ્વને સ્થાપિત કર્યો છે. હવે જો સ્વકીય (સમાજ)ને સ્થાપિત કરવો હોય તો હજારો હિન્દુઓને કશી જ સામગ્રી લીધા વિના એકસાથે બેસીને પ્રભુની પ્રાર્થના કરતા બનાવવા પડશે. એક સાથે હજારોની પ્રાર્થનાથી સંઘ—સંગઠન દઢ થશે. વર્ણભેદની દીવાલો ધરાશયી થશે. પ્રજાને એક કરવાનાં અનેક નિમિત્તોમાં સૌથી પ્રબળ નિમિત્ત નથી થયો પણ વિભેદનું નિમિત્ત થયો છે. વર્ણભેદ, જાતિભેદ, સંપ્રદાયભેદ, ઈષ્ટદેવભેદ, ગુરુભેદ વગેરે અનેક પ્રકારથી તે વિભાજિત થતો રહ્યો છે. આ કારણે જ્યારે અન્ય ધર્મો ધાર્મિક સંગઠનથી શક્તિશાળી થયાં છે, ત્યારે આપણે ધર્મના કારણે તથા તેના દ્વારા રચાયેલા સમાજના કારણે વધુ

ને વધુ વિભાજિત થતા રહ્યા છીએ. આ દુર્બળતામાંથી મુક્ત થવાના શીઘ્ર ઉપાયોમાં પ્રથમ ઉપાય છે સામૂહિક પ્રાર્થના. વર્ણ કે નાત—જાતનો ભેદ રાખ્યા વિના હિન્દુમાત્ર એક સાથે બેસીને પ્રભુપ્રાર્થના કરે. પ્રભુપ્રાર્થના પછી એકબીજા પ્રત્યે પ્રેમ વધારવા એકબીજાને ભેટે.

શું આપણે હવે આવું કરી શકીશું? આ માટે આટલું કરવાની તરત જ જરૂર છે :

૧. મંદિરોની એવી ડિઝાઈન બનાવવી કે જેમાં સેંકડો માણસો એક સાથે બેસીને પ્રાર્થના કરી શકે.

૨. મંદિરોને સોના—ચાંદી તથા અન્ય આડંબરોથી મુક્ત કરી સાત્ત્વિકતા તથા સ્વચ્છતાભર્યાં બનાવાય.

૩. મંદિરોને વ્યક્તિગત, વર્ણગત, વંશગત એકાધિકારની પકડથી છોડાવીને પૂરી પ્રજાના વહીવટમાં મુકાય.

૪. મંદિરોમાં અસ્વચ્છતા વધે તેવી પૂજાપદ્ધતિ સમાપ્ત કરાય. જેમ કે દૂધ, જળ, નૈવેદ્ય વગેરેને વારંવાર ચઢાવવાથી અસ્વચ્છતા વધે છે. ઘોંઘાટ તથા ધક્કાધક્કી ન થાય તે માટે પણ યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે. મંદિરમાં પૂર્ણ શાન્તિ તથા અધ્યાત્મપૂર્ણ વાતાવરણ નિર્માણ થાય.

૫. મંદિરોને રાત્રીના નિશ્ચિત સમય સિવાય આખો દિવસ ખુલ્લાં રાખવામાં આવે, જેથી પ્રાર્થનાર્થી કે દર્શનાર્થી ગમે ત્યારે પ્રાર્થનાદર્શન કરી શકે.

૬. દર્શનાર્થી, પ્રાર્થનાર્થી અને યાત્રાળુઓને હેરાન પરેશાન કરનાર વર્ગથી મંદિરો મુક્ત કરાય.

૭. કાંઈ પણ સામગ્રી વિના અથવા ઓછામાં ઓછી સામગ્રીથી પ્રાર્થના વગેરે થઈ શકે તેવી પદ્ધતિનો ધૂમ પ્રચાર



કરવામાં આવે. પ્રાર્થના સસ્તી—સરળ તથા સ્વાધીન હોય, કોઈની પણ તાબેદારીની તેમાં જરૂર ન રહે. ભક્ત અને ભગવાનની વચ્ચે ત્રીજો માણસ આડખીલીરૂપ બને છે.

જો આટલું તથા બીજું જે કાંઈ જરૂરી હોય તે કરવામાં આવે તો આપણાં મંદિરો પણ ધાર્મિક સંગઠન, સદ્ભાવ તથા ભક્તિનાં પ્રતીક બની શકે.

હિન્દુ પ્રજાએ એકતા માટે ઘણુંઘણું કરવાનું છે. જો હજી પણ પાયાનું ક્રાન્તિકારી કામ નહિ કરાય અને અનિયંત્રિત ટોળાને ગમે ત્યાં ગમે તેમ ચાલવા દેવામાં આવશે તો પ્રજા ધર્મના દ્વારા જ શક્તિહીન, સંપહીન, સંગઠનહીન બનીને ભયંકર હાનિ ભોગવશે.

## ઉપસંહાર

સમાપ્તિ કરતાં પહેલાં એક મુદ્દાની વાત જણાવી દઉં. ઉપાસના દ્વારા વ્યક્તિમાં જે અધ્યાત્મશક્તિ પ્રગટે છે, તે શું તેની પોતાની હોય છે કે કોઈ બાહ્ય તત્ત્વ—પરમાત્મની હોય છે? આવી જિજ્ઞાસા ઘણાને થતી હોય છે.

જે સાધકો ઈષ્ટદેવ વિના માત્ર ધ્યાનાદિ કરીને સ્વલક્ષી ઉપાસના કરે છે તેમને અમુક માત્રામાં પોતાની શક્તિઓ વધેલી જણાય છે. માણસ પોતે પણ શક્તિનું કેન્દ્ર છે જ. જેમ તે બાહુબળથી કામ લે છે તેમ ધ્યાનાદિ દ્વારા અંતઃશક્તિઓથી પણ કામ લઈ શકે છે. એટલે ઉપાસના જ્યારે સ્વકેન્દ્રિત હોય ત્યારે વ્યક્તિ પોતાની શક્તિઓને અમુક માત્રા સુધી ખીલવી શકે છે. આવા ઉપાસકો લગભગ અનીશ્વરવાદી હોય છે અને પોતાની શક્તિનો અહંકારથી દુરુપયોગ પણ કરવા પ્રેરાય છે.

ઉપાસક જ્યારે અન્ય કોઈ તત્ત્વ (સિદ્ધ અથવા

પરમાત્મા)ની ઉપાસના કરે ત્યારે પોતાની શક્તિ કરતાં અન્યની શક્તિ ઉપર અવલંબિત થઈને રહે છે તેમ. સિદ્ધો તથા પરમાત્મા માત્ર કલ્પના કે માન્યતા—માત્ર નથી પણ કોસ્મિક કિરણની માફક ગુપ્ત રીતે રહેલી પ્રચંડ શક્તિ છે. કોસ્મિક તથા લેસર વગેરે કિરણોની સાધના કરનાર જેમ પ્રચંડ ભૌતિક પરિણામો મેળવે છે તેમ સિદ્ધો તથા પરમેશ્વરની ઉપાસના કરનાર પણ અતિ પ્રચંડ શક્તિ મેળવી શકે છે.

સાધક, ભક્તિ, અનુનય, વિનય, શરણાગતિ, પશ્ચાતાપ, ક્ષમાયાચનાપૂર્વક નામસ્મરણ—જપ—ધ્યાન—કિર્તન વગેરે કરે તો સિદ્ધો તથા પરમાત્મા પ્રસન્ન થાય, કરુણા કરે અને યથાયોગ્ય શક્તિ આપે, સિદ્ધોની ઉપાસના સાંસારિક દુઃખો દૂર કરવામાં હેતુ બની શકે. પણ પૂર્ણ પરમાત્માની દૃઢ નિષ્ઠાભરી ઉપાસના સાધકને ઉચ્ચતમ જીવનકથા સુધી પહોંચાડી દે.

પરમેશ્વરની ઉપાસનાનાં પરિણામે ઉપાસકના હૃદય-વિકારથી શુદ્ધ થવા લાગે છે અને ઉપાસક જ્યારે પ્રેમની પરાકાષ્ઠાએ પહોંચે છે ત્યારે પ્રેમસ્વરૂપ પરમાત્માના પ્રેમામ્બુધિમાં પ્રેમી ઉપાસક તરબોળ થઈ અત્યંત આહ્લાદની અનુભૂતિ કરે છે. મીરાં, નરસિંહ, ચૈતન્ય વગેરેની માફક વિશુદ્ધ પ્રેમના માધ્યમથી પોતાના પ્રિયતમ પરમાત્માને પામવા માટેના આ માર્ગને ભક્તિમાર્ગ કહેવાય છે. આથી વધારે ઉત્તમ માર્ગની મને ખબર નથી.



# ગાંધી ગંગા

સંપાદક : મહેન્દ્ર મેઘાણી

## પોલીસ કમિશ્નરનું આશ્ચર્ય

સરકાર બાપુને ચંપારણમાંથી ખસેડી ન શકી ત્યારે તેણે બીજો દાવ અજમાવ્યો લેફટનન્ટ ગવર્નર વગેરે મોટા મોટા અમલદારોએ બાપુને બોલાવીને કહ્યું, ‘‘તમે તો બહુ સારા માણસ છો, પરંતુ જે બધા તમારી મદદમાં છે તે ખરાબ માણસો છે. અમે તેમને બરાબર ઓળખીએ છીએ.’’

બાપુએ તરત જ કહ્યું : ‘‘આપ એમને દૂરથી ઓળખો છો. હું રાતદિવસ એમની સાથે રહું છું. મારા પોતાના અનુભવ પરથી કહું છું કે એ મારા કરતાં ક્યાંયે સારા છે.’’

પોલીસ કમિશનરે કહ્યું, ‘‘આપની સાથે પ્રોફેસર કૃપાલાની છે. એમને વિશે અમારી પાસે બહુ ખરાબ હેવાલો આવ્યા છે. એ માણસ ‘મિશ્ચિફ મોંગર’ (તોફાની) છે. ‘એજિટેરર’ (ચળચળીયો) તો છે જ.’’

બાપુ હસીને બોલ્યા, ‘‘પ્રોફેસર કૃપાલાની મારે ત્યાં શું કામ કરે છે તે તમે જાણો છો? મિસિસ ગાંધી સાથે તેઓ આખો વખત અમારા બધાની રસોઇ કરવામાં રોકાયેલા રહે છે. એમાં તે કેવી જાતનું તોફાન કરવાના હતા વારુ ?’’

બીચારો પોલીસ કમિશનર તો બાપુના મોં તરફ જોઇ જ રહ્યો. એને સમજ ન પડી કે બિહારના વિદ્યાર્થીઓને બહેકાવનાર આ મોટો પ્રોફેસર ગાંધીજીને ત્યાં રસોઇયો બનીને કેવી રીતે રહ્યો હશે!

પછી જ્યારે બાપુએ ખેડૂતોની હાલત વિશે તપાસ શરૂ કરી અને હજારો ખેડૂતો પોતાનાં દુઃખ રડવા તેમની પાસે આવવા લાગ્યા ત્યારે કોઈને કોઈ કામ માટે તેમને અનેકવાર કલેક્ટરને પત્ર લખવા પડતા. એ પત્રો હાથોહાથ પહોંચાડવાને બાપુ દરેક વખતે કૃપાલાનીને કલેક્ટરને બંગલે મોકલતા. 'આર્ચ સીડિશન મોંગર' (નામીચો રાજદ્રોહ કરાવનારો) ગાંધીને ત્યાં ચપરાસીનું કામ પણ કરે છે એ જોઈ બિચારા ગોરાને આશ્ચર્ય થતું.

## ફળાહારમાંથી અન્નાહાર

બાપુ એક વાર કલક્તે ગયા હતા અને ત્યાં ભૂપેન્દ્રનાથ વસુને ત્યાં ઊતરેલા ત્યારે બાપુ કેવળ ફળાહાર કરતા. બંગાળીઓની આગતાસ્વાગતા જાણીતી છે. લીલો ને સૂકો મેવો જેટલો મળ્યો તેટલો ભેગો કર્યો અને તેમાંથી જેટલી વાનગીઓ બનાવી શકાય તેટલી બનાવરાવીને બાપુ આગળ મૂકવામાં આવી. બાપુ આ જોઈને ચોંક્યા. કહેવા લાગ્યા, ''આ શું? મારા જેવા સાદાઈ પસંદ કરનારને માટે આટલી બધી માથાકૂટ!'' બાપુએ તરત વ્રત લીધું. ''હું હવે રોજ કુદરતી પાંચ વસ્તુઓ ઉપરાંત એક પણ વધારે ચીજ ખાઈશ નહીં.''

થોડા દિવસ પછી બાપુને સમજાયું કે હિંદુસ્તાન એ દક્ષિણ આફ્રિકા નથી. ને અહીં ફળ સહેલાઈથી નથી મળતાં. દક્ષિણ આફ્રિકામાં કેળાં, અનેનાસ, સફરજન, સંતરાં, વગેરે ફળ સહેલાઈથી મળતાં અને તેઓ ધરાઈને ખાતા. બાપુ ખાવામાં પાછા પડે એવા નહોતા. તેમણે જોયું કે હિંદુસ્તાનમાં ફળાહાર નહીં ચાલી શકે, ત્યારે જ્યાં જાય ત્યાં શેકેલી મગફળી સાથે



લઈ જવા લાગ્યા. નાળીયેર મળે તો તેનું પણ દૂધ લેતા. પણ અંતે ઘણો વિચાર કર્યા પછી ઠરાવ્યું કે હિંદુસ્તાનમાં અનાજ લીધા વગર નહીં ચાલે ત્યારથી ભાત, રોટલી કે ખીચડી ખાવા લાગ્યો. પછી એમને લાગ્યું કે હવે અનાજ લઈએ છીએ તો મીઠું પણ લેવું જોઈએ, એટલે તે પણ શરૂ કર્યું.

## બે આત્માઓનું મિલન

મહાદેવભાઈએ એલએલ.બી.ની પરીક્ષા પાસ કરી પણ વકીલાત શરૂ ન કરી. થોડો વખત મુંબઈની ઓરિયેન્ટલ ઑફિસમાં કામ કર્યું. પછી તેઓ બાપુ તરફ ખેંચાયા, ને તેમને મળવા ગોધરા આવ્યા. બાપુને કહેવા લાગ્યા, ''મને આપની સાથે રાખો તો હું આપના મંત્રીનું કામ કરી શકીશ.'' તેમણે પોતાના જૂના 'બોસ' (ઉપરી)ને માટે તૈયાર કરેલું એક અંગ્રેજી વ્યાખ્યાન પણ ગાંધીજીને બતાવ્યું. તેમના અક્ષર તો મોતીના દાણા જેવા હતા. તેમના ચહેરા પરથી જુવાની ને નિર્મળતા ટપકી રહ્યાં હતાં. બાપુ સાથે તેમની વાતચીત દસપંદર મિનિટ ચાલી હશે.

કોણ જાણે, બાપુએ મહાદેવભાઈના વિરલ આત્માનું ઝવેર જોઈ લીધું, અને તે જ વખતે કહી દીધું, ''તમે મારી સાથે આવી શકો છો.'' મહાદેવભાઈએ વીસ વરસ સુધી સેવા કરવાનું વચન આપ્યું. બસ, આટલામાં જ બે આત્મા એકરૂપ થઈ ગયા. મહાદેવભાઈએ પૂછ્યું, ''હું ક્યારથી કામ શરૂ કરું?''

બાપુએ કહ્યું, : ''તમારું કામ શરૂ થઈ ગયું. અહીંથી જ મારી સાથે મુસાફરીમાં ચાલો.'' મહાદેવભાઈએ કહ્યું કે ઘેર જઈને આવું તો ઠીક. બાપુએ કહ્યું, ''નહીં, કંઈ જરૂર નથી. એ બધું પાછળથી થઈ રહેશે.''

થોડા દિવસ પછી હું ને મહાદેવભાઇ વાત કરતાં બેઠા હતા. તેમણે કહ્યું, ‘‘એક વાર બાપુ એક જણને મળવા ગયા. હું પણ સાથે હતો. બાપુ ખુરશી પર બેઠા. હું નીચે બેઠો. બાપુ બોલ્યા, ‘આ ઠીક નથી. બીજી ખુરશી લઇ મારી પાસે બેસો.’ મારી હિંમત ન ચાલી. એટલે એમણે મને ઠપકો આપીને કહ્યું, ‘જમાનાની રીતભાત પણ તમારે શીખવી જોઇએ. ઊઠો, આ ખુરશી પર બેસો.’ હું શરમાતો શરમાતો ઊઠી ખુરશી લઇને બેઠો.’’

## ભગવાં ઉતારવા પડશે

આશ્રમના શરૂઆતના દિવસોની વાત છે. ત્યાં સ્વામી સત્યદેવ આવ્યા. દેશની આઝાદી માટે બાપુ જે કાર્ય કરી રહ્યા હતા, તે જોઇ તેઓ બહુ પ્રસન્ન થયા. એક દિવસ સ્વામીજી બાપુ પાસે જઇ કહેવા લાગ્યા, ‘‘હું આપના આશ્રમમાં દાખલ થવા માગું છું.’’

બાપુ કહે, ‘‘બહુ સારું. આશ્રમ તમારા જેવાને માટે જ છે. પણ આશ્રમમાં દાખલ થાઓ એટલે આપને આ ભગવાં કપડાં ઉતારવાં પડશે.’’

આ સાંભળીને સ્વામી સત્યદેવજીને ઘણો આઘાત લાગ્યો. ગુસ્સે થયા. પણ બાપુ આગળ પોતાનું દુર્વાસારૂપ બતાવી શકતા નહોતા. તેમણે કહ્યું, ‘‘એ તો કેમ બને? હું સંન્યાસી છું ને?’’

બાપુએ કહ્યું, ‘‘હું સંન્યાસ છોડવાનું નથી કહેતો. મારું શું કહેવું છે તે બરાબર સમજી લો.’’

પછી બાપુએ તેમને શાંતિથી સમજાવ્યું, ‘‘આપણા દેશમાં ભગવાં કપડાં જોતાં જ લોકો તે ઓઢનારની ભક્તિ અને સેવા



કરવા મંડી પડે છે. હવે આપણું કામ સેવા લેવાનું નહીં, સેવા કરવાનું છે. આપણે લોકોની જેવી સેવા કરવા માગીએ છીએ તેવી સેવા તેઓ તમારાં આ ભગવાંને લીધે તમારી પાસેથી નહીં લે. ઊલટા તમારી સેવા કરવા દોડશે. ત્યારે જે વસ્તુ સેવા કરવાના આપણા સંકલ્પની આડે આવે, તે કેમ રાખીએ? સંન્યાસ માનસિક વસ્તુ છે, સંકલ્પની બાબત છે. બાહ્ય પોશાક સાથે તેને શો સંબંધ? ભગવાં છોડવાથી સંન્યાસ ઓછો જ છૂટે છે?’’

સત્યદેવને વાત સમજાઇ તો ખરી, પણ ગળે ન ઊતરી. મારી પાસે આવીને કહેવા લાગ્યા, ‘‘આ તો મારાથી નહીં બને. જે વસ્ત્રો મેં સંકલ્પપૂર્વક ગ્રહણ કર્યાં છે, તે છોડી નહીં શકું’’

ગગનવિહારી હોવાનો હું ઇન્કાર કરું છું. હું સંતપણાનો દાવો સ્વીકારતો નથી. હું સામાન્ય માટીનો બનેલો સામાન્ય માનવી છું. તમારી જેમ જ હુંયે નબળાઇઓ તરફ ઢળું છું. પરંતુ મેં દુનિયા જોઇ છે. મારી આંખો ખુલ્લી રાખીને હું દુનિયામાં જીવ્યો છું. મારે માણસના નસીબમાં લખેલી બધી જ અગ્નિપરીક્ષાઓમાંથી પસાર થવું પડ્યું છે. એ સાધના-માંથી હું પસાર થયો છું.

—ગાંધીજી